Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણ મૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા


તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી
વર્ષઃ ૨૨ઃ અંકઃ ૧ઃ વીર સં. ૨૪૯૧ઃ કારતક

---

## * "મહાવીર-દીપાવલી અંક" *

---





હે વીરનાથ ! ઉત્કૃષ્ટ ઝડપી રત્નત્રય–રોકેટ દ્વારા સિદ્ધલોકની
અવકાશયાત્રા કરીને આપ ઝડપથી શાશ્વતપુરી ( મોક્ષપુરી ) એ
પહોંચ્યા; હું પણ આપના તે જ માર્ગે તે જ મોક્ષપુરીમાં આવું છું.

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

# ભગવાન મહાવીર

દીપાવલી......મંગલ દીપાવલી

આસો વદ અમાસનું પરોઢિયું....

આખુંય ભારત આજે અનેરા આનંદથી આ દીપોત્સવ ઊજવી રહ્યું છે. શેનો છે આ મંગળ દીપોત્સવ ?

પાવાપુરીનું પવિત્રધામ હજારો દીપકોના ઝગમગાટથી આજે અનેરું શોભી રહ્યું છે. વીરપ્રભુના ચરણસમીપે બેસીને ભારતના હજારો ભક્તજનો વીરપ્રભુના મોક્ષગમનનું સ્મરણ કરી રહ્યા છે ને તે પવિત્રપદની ભાવના ભાવી રહ્યા છે. અહા, ભગવાન મહાવીર આજે સંસારબંધનથી છૂટીને અભૂતપૂર્વ સિદ્ધપદને પામ્યા, અત્યારે તેઓ સિદ્ધાલયમાં બિરાજી રહ્યા છે. પાવાપુરીના જલમંદિરની ઉપર–ઠેઠ ઉપર લોકાગ્રે પ્રભુ સિદ્ધપદમાં બિરાજી રહ્યા છે.

કેવું છે એ સિદ્ધપદ ? સંતોના હૃદયમાં કોતરાઈ ગયેલા એ સિદ્ધપદનું વર્ણન કરતાં શ્રી કુંદકુંદસ્વામી કહે છે કેઃ–

**કર્માષ્ટવર્જિત, પરમ, જન્મજરામરણહીન, શુદ્ધ છે,**
**જ્ઞાનાદિ ચાર સ્વભાવ છે, અક્ષય, અનાશ, અછેદ્ય છે.**
**અનુપમ, અતીન્દ્રિય, પુણ્ય- પાપવિમુક્ત અવ્યાબાધ છે,**
**પુનરાગમનવિરહિત, નિરાલંબન, સુનિશ્ચળ નિત્ય છે.**

માત્ર સિદ્ધદશામાં જ નહિ પરંતુ ત્યાર પહેલાં સંસાર અવસ્થા વખતે ય જીવોમાં આવો સ્વભાવ છે–તે દર્શાવતાં કહે છે કે–

**જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,**
**જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણ સંયુક્ત છે.**
**અશરીર ને અવિનાશ છે, નિર્મળ અતીન્દ્રિય શુદ્ધ છે,**
**જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને.**

મહાવીર પ્રભુ આજના દિવસે આવું મહિમાવંત સિદ્ધપદ પામ્યા. એ મહાવીર કેવા હતા...ને કેવી રીતે આવું મજાનું સિદ્ધપદ પામ્યા? કે જેના આનંદનો ઉત્સવ હજારો દીવડાવડે આખું ય ભારત આજે પણ ઊજવે?

આપણા સૌની જેમ એ મહાવીર ભગવાન પણ એક આત્મા છે. આપણી જેમ પહેલાં એ આત્મા પણ સંસારમાં હતો. અરે, એ હોનહાર તીર્થંકર જેવો આત્મા પણ જ્યાં સુધી આત્મજ્ઞાન ન કરે ત્યાં સુધી અનેક ભવમાં સંસારભ્રમણ કરે છે. એ રીતે ભવચક્રમાં ભમતાં ભમતાં તે જીવ એકવાર વિદેહક્ષેત્રમાં પુંડરીકિણી નગરીના મધુવનમાં પુરુરવા નામે ભીલરાજા થયો; ત્યારે સાગરસેન નામના મુનિરાજને દેખીને પ્રથમ તો મારવા તૈયાર થયો પણ પછી તેમને વનદેવતા સમજીને નમસ્કાર કર્યા ને તેમના શાન્ત વચનોથી પ્રભાવિત થઈને માંસાદિના ત્યાગનું વ્રત ગ્રહણ કર્યું. વ્રતના પ્રભાવે પહેલા સ્વર્ગનો દેવ થયો ને પછી ત્યાંથી અયોધ્યાનગરીમાં ભરતચક્રવર્તીનો પુત્ર મરીચી થયો; ચોવીસમા–અંતિમ તીર્થંકરનો જીવ પ્રથમ–તીર્થંકરનો પૌત્ર થયો. ત્યારે તેણે પોતાના દાદા સાથે દેખાદેખીથી દીક્ષા તો લીધી પરંતુ વીતરાગ–મુનિમાર્ગનું પાલન કરી શક્યો નહિ તેથી ભ્રષ્ટ થઈને તેણે મિથ્યામાર્ગનું પ્રવર્તન કર્યું. માનના ઉદયથી તેને એમ વિચાર થયો કે જેમ ભગવાન ઋષભદાદાએ તીર્થંકર થઈને ત્રણલોકમાં આશ્ચર્યકારી સામર્થ્ય પ્રાપ્ત કર્યું છે તેમ હું પણ બીજો મત ચલાવીને તેનો નાયક થઈને તેમની જેમ ઇન્દ્ર વડે પૂજાની પ્રતીક્ષા કરીશ; હું પણ મારા દાદાની જેમ તીર્થંકર થઈશ. (ભાવિ તીર્થંકર થનાર દ્રવ્યમાં તીર્થંકરત્વના કોડ જાગ્યા!)

ઋષભદેવની સભામાં એકવાર ભરતે પૂછયું કે પ્રભો! આ સભામાંથી કોઈ જીવ આપના જેવો તીર્થંકર થશે? ત્યારે ભગવાને કહ્યું કેઃ હા, આ તારો પુત્ર મરીચીકુમાર આ ભરતક્ષેત્રમાં અંતિમ તીર્થંકર (મહાવીર) થશે. પ્રભુની વાણીમાં પોતાના તીર્થંકરત્વની વાત સાંભળતાં મરીચીને ઘણું આત્મગૌરવ થયું. તો પણ હજી સુધી તે ધર્મ પામ્યો ન હતો. અરે, તીર્થંકરદેવની દિવ્યધ્વનિ સાંભળીને પણ એણે સમ્યક્ધર્મનું ગ્રહણ ન કર્યું. આત્મભાન વગર સંસારના કેટલાય ભવોમાં તે જીવ રખડયો.

એ મહાવીરનો જીવ, મરીચીનો અવતાર પૂરો કરીને બ્રહ્મસ્વર્ગનો દેવ થયો. ત્યારબાદ મનુષ્ય અને દેવના કેટલાક ભવો કર્યા તેમાં મિથ્યામાર્ગનું સેવન ચાલુ રાખ્યું. અંતે મિથ્યામાર્ગના તીવ્રસેવનના કુફળથી સમસ્ત અધોગતિમાં જન્મ ધારણ કરીકરીને, ત્રસ–સ્થાવર પર્યાયોમાં અસંખ્યાત વર્ષો સુધી તીવ્ર દુઃખો ભોગવ્યા એ પરિભ્રમણ કરીકરીને તે આત્મા બહુ જ થાકયો ને ખેદખિન્ન થયો.

અંતે, અસંખ્ય ભવોમાં રખડીરખડીને તે જીવ રાજગૃહીમાં એક બ્રાહ્મણપુત્ર થયો, તે વેદવેદાંતમાં પારંગત હોવા છતાં સમ્યગ્દર્શન રહિત હતો તેથી તેનું જ્ઞાન ને તપ બધું વ્યર્થ હતું. મિથ્યાત્વના સેવનપૂર્વક ત્યાંથી મરીને દેવ થયો, ને પછી રાજગૃહીમાં વિશ્વનંદી નામનો રાજપુત્ર થયો અને ત્યાં માત્ર એક ઉપવન માટે સંસારની માયાજાળ દેખીને તે વિરક્ત થયો ને સંભૂતસ્વામી પાસે જૈનદીક્ષા લીધી; ત્યાં નિદાનસહિત મરણ કરી સ્વર્ગમાં ગયો, ને ત્યાંથી ભરતક્ષેત્રના પોદનપુર નગરમાં બાહુબલીસ્વામીની વંશ–પરંપરામાં ત્રિપૃષ્ઠ નામનો અર્ધચક્રી ( વાસુદેવ ) થયો; અને તીવ્ર આરંભ–પરિગ્રહના પરિણામ સહિત અતૃપ્તપણે મરીને ત્યાંથી સાતમી નરકે ગયો. અરે, એ નરકના ઘોર દુઃખોની શી વાત ! સંસારભ્રમણમાં ભમતા જીવે અજ્ઞાનથી કયા દુઃખ નહિ ભોગવ્યા હોય !!!

મહા કષ્ટે અસંખ્યાત્ વર્ષની એ ઘોર નરક યાતનાનો ભોગવટો પૂર્ણ કરીને તે જીવ ગંગાકિનારે સિંહગિરિ પર સિંહ થયો...પાછો ધગધગતા અગ્નિ જેવી પહેલી નરકે ગયો...ને ત્યાંથી નીકળી જંબુદ્વીપના હિમવન્ પર્વત ઉપર દેદીપ્યમાન સિંહ થયો.... મહાવીરનો જીવ આ સિંહપર્યાયમાં આત્મલાભ પામ્યો. કઈ રીતે પામ્યો ? તે પ્રસંગ જોઈએઃ

એકવાર તે સિંહ ક્રૂરપણે હરણને ફાડી ખાતો હતો ત્યાં આકાશમાર્ગે જઈ રહેલા બે મુનિઓએ તેને દેખ્યો, ને 'આ જીવ હોનહાર અંતિમ તીર્થંકર છે' એવા વિદેહના તીર્થંકરના વચનનું સ્મરણ કરીને, દયાવશ આકાશમાર્ગેથી નીચે ઊતરીને તે સિંહને ધર્મનું સંબોધન કર્યુંઃ હે ભવ્ય મૃગરાજ ! આ પહેલાં ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં તેં ઘણા વાંછિત વિષયો ભોગવ્યા ને નરકના અનેક પ્રકારના ઘોર દુઃખો પણ અશરણપણે આક્રન્દ કરીકરીને તેં ભોગવ્યા, ત્યારે દશે દિશામાં શરણ માટે તેં પોકાર કર્યો પણ ક્યાંય તને શરણ ન મળ્યું. અરે ! હજી પણ ક્રૂરતાપૂર્વક તું પાપનું ઉપાર્જન કરી રહ્યો છે ? તારા ઘોર અજ્ઞાનને લીધે હજી સુધી તેં તત્ત્વને ન જાણ્યું. માટે શાંત થા...

ને આ દુષ્ટ પરિણામ છોડ. મુનિરાજના મધુર વચનો સાંભળતાં જ સિંહને પૂર્વભવોનું જ્ઞાન થયું, અશ્રુધારા ટપકવા લાગી...પરિણામ વિશુદ્ધ થયા...ત્યારે મુનિરાજે જોયું કે આ સિંહના પરિણામ શાંત થયા છે ને તે મારા તરફ આતુરતાથી દેખી રહ્યો છે, તેથી અત્યારે જરૂર તે સમ્યક્ત્વ ગ્રહણ કરશે.




–એમ વિચારી મુનિરાજે તેને પુરુરવા ભીલથી માંડીને તેના અનેક ભવો બતાવીને કહ્યું કે હે શાર્દૂલ! હવેના દશમા ભવે તું ભરતક્ષેત્રનો તીર્થંકર થશે, એમ શ્રીધરતીર્થંકરના શ્રીમુખથી અમે સાંભળ્યું છે. માટે હે ભવ્ય! તું મિથ્યામાર્ગથી નિવૃત્ત થા ને આત્મહિતકારી એવા સમ્યક્માર્ગમાં પ્રવૃત્ત થા.

મહાવીરનો જીવ (સિંહ) મુનિરાજના વચનથી તરત પ્રતિબોધ પામ્યો; તેણે અત્યંત ભક્તિથી વારંવાર મુનિઓને પ્રદક્ષિણા દીધી ને તેમના ચરણોમાં નમ્રીભૂત થયો. રૌદ્રરસને બદલે તુરત જ શાંતરસ પ્રગટ કર્યો ને તે સમ્યક્ત્વ પામ્યો...એટલું જ નહિ, તેણે નિરાહારવ્રત અંગીકાર કર્યું. અહા, સિંહની શૂર–વીરતા સફળ થઈ. શાસ્ત્રકાર કહે છે કે એ વખત વૈરાગ્યથી તેણે એવું ઘોર પરાક્રમ પ્રગટ કર્યું કે, જો તિર્યંચગતિમાં મોક્ષ હોત તો જરૂર તે મોક્ષ પામ્યો હોત! તે સિંહપર્યાયમાં સમાધિમરણ કરીને સિંહકેતુ નામનો દેવ થયો.

ત્યાંથી ધાતકીખંડના વિદેહક્ષેત્રમાં કનકોજવલ નામનો રાજપુત્ર થયો; હવે ધર્મ દ્વારા તે જીવ મોક્ષની નજીક પહોંચી રહ્યો હતો. ત્યાં વૈરાગ્યથી સંયમ લઈ સાતમા સ્વર્ગે ગયો. ત્યાંથી સાકેતપુરી (અયોધ્યા)માં હરિસેન રાજા થયો ને પછી સંયમી થઈને સ્વર્ગમાં ગયો. ત્યાંથી ધાતકીખંડમાં પૂર્વવિદેહની પુંડરીકિણીનગરીમાં પ્રિયમિત્ર નામનો ચક્રવર્તી રાજા થયો; ક્ષેમંકર તીર્થંકર સમીપ દીક્ષા લીધી ને સહસ્રાર સ્વર્ગમાં સૂર્યપ્રભદેવ થયો. ત્યાંથી જંબુદ્વીપના છત્રપુરનગરમાં નંદરાજા થયો, ને દીક્ષા લઈ, ઉત્તમ સંયમ પાળી, ૧૧ અંગનું જ્ઞાન પ્રાપ્ત કરી, દર્શનશુદ્ધિ વગેરે ૧૬ ભાવના વડે તીર્થંકરનામકર્મ બાંધ્યું ને સંસારનો છેદ કર્યો; ઉત્તમ આરાધના સહિત અચ્યુતસ્વર્ગમાં

પુષ્પોત્તરવિમાનમાં ઇન્દ્ર થયો.

ત્યાંથી ચવીને મહાવીરનો એ મહાન આત્મા, ભરતક્ષેત્રમાં વૈશાલીના કુંડપુરના મહારાજા સિદ્ધાર્થને ત્યાં અંતિમ તીર્થંકરપણે અવતર્યો.... પ્રિયકારિણીમાતાના એ વર્દ્ધમાનપુત્રે ચૈત્ર સુદ તેરસે આ ભરતભૂમિને પાવન કરી. એ વીર વર્દ્ધમાન બાલતીર્થંકરને દેખતાં જ સંજય ને વિજય નામના મુનિઓનો સંદેહ દૂર થયો તેથી પ્રસન્નતાથી તેઓએ 'સન્મતિનાથ' નામ આપ્યું. સંગમ નામના દેવે ભયંકર સર્પનું રૂપ ધારણ કરીને એ બાળકની નિર્ભયતાની ને વીરતાની પરીક્ષા કરીને ભક્તિથી 'મહાવીર' નામ આપ્યું. ત્રીસ વર્ષના કુમારકાળમાં તો એમને જાતિસ્મરણ થયું ને સંસારથી વિરક્ત થઈને ( કારતક વદ દશમે ) સ્વયં દીક્ષિત્ થયા. તેમને ઉત્તમ ખીરવડે પ્રથમ આહારદાન ફૂલપાકનગરીના ફૂલરાજાએ કર્યું. ઊજ્જૈનનગરીના વનમાં રૂદ્રે તેમના પર ઘોર ઉપદ્રવ કર્યો પણ એ વીર મુનિરાજ નિજધ્યાનથી જરાપણ ન ડગ્યા તે ન જ ડગ્યા...તેથી નમ્રીભૂત થઈને રુદ્રે સ્તુતિ કરી ને 'અતિવીર' ( મહાતિમહાવીર ) એવું નામ આપ્યું.

કૌશામ્બીનગરીમાં બંધનગ્રસ્ત સતી ચન્દનબાળાને એ પાંચ મંગલનામધારી પ્રભુના દર્શન થતાં જ એની બેડીના બંધન તૂટી ગયા, ને પરમ ભક્તિથી તેણે પ્રભુને આહારદાન કર્યું. સાડાબાર વર્ષ મુનિદશામાં રહીને, વૈશાખ સુદ દસમના રોજ, સમ્મેદશિખરજી તીર્થથી દશેક માઈલ દૂર જાંભિકગામની ઋજુકૂલા સરિતાના કિનારે ક્ષપકશ્રેણી માંડીને પ્રભુએ કેવળજ્ઞાન પ્રગટ કર્યું. એ અર્હંતભગવાન રાજગૃહીના વિપુલાચલ પર પધાર્યા. ૬૬ દિવસ બાદ, અષાઢ વદ એકમથી દિવ્યધ્વનિદ્વારા ધર્મામૃતની વર્ષા શરૂ થઈ; તે ઝીલીને ઇન્દ્રિભૂતિ–ગૌતમ વગેરે અનેક જીવો પ્રતિબોધ પામ્યા. વીરનાથની ધર્મસભામાં ૭૦૦ તો કેવળીભગવંતો હતા; કૂલ ૧૪૦૦૦ મુનિવરો ને ૩૬૦૦૦ અર્જિકાઓ હતા, એક લાખ શ્રાવકો ને ત્રણલાખ શ્રાવિકાઓ હતા, અસંખ્ય દેવો ને સંખ્યાતા તિર્યંચો હતા. ત્રીસવર્ષ સુધી લાખો–કરોડો જીવોને પ્રતિબોધીને વીરપ્રભુજી પાવાપુરી નગરીમાં પધાર્યા; ત્યાંના ઉદ્યાનમાં યોગનિરોધ કરીને બિરાજમાન થયા, ને આસો વદ અમાસના પરોઢિયે પરમ સિદ્ધપદને પામી સિદ્ધાલયમાં જઈ બિરાજ્યા.....તે સિદ્ધપ્રભુને નમસ્કાર હો.


અર્હંત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિ વડે,
ઉપદેશ પણ એમ જ કરી, નિવૃત્ત થયા; નમું તેમને.

શ્રમણો જિનો તીર્થંકરો એ રીત સેવી માર્ગને,


સિદ્ધિ વર્યા, નમું તેમને, નિર્વાણના તે માર્ગને.

ભગવાન મહાવીરે જ્યારે મોક્ષગમન કર્યું ત્યારે અમાસની અંધારી રાત હોવા છતાં સર્વત્ર એક ચમત્કારિક દિવ્ય પ્રકાશ ફેલાઈ ગયો હતો, અને ત્રણ લોકના જીવોને ભગવાનના મોક્ષના આનંદકારી સમાચાર મળી ગયા હતા. દેવેન્દ્રો અને નરેન્દ્રોએ ભગવાનના મોક્ષનો મોટો મહોત્સવ કર્યો. અમાસની અંધારી રાત કરોડો દીપકોથી ઝગમગી ઊઠી. કરોડો દીપની આવલીથી ઉજવાયેલો એ નિર્વાણમહોત્સવ દીપાવલી પર્વ તરીકે ભારતભરમાં પ્રસિદ્ધ થયો...ને ઈસ્વીસનની પહેલાં ૫૨૭ વર્ષ પૂર્વે બનેલો એ પ્રસંગ આજેય આપણે સૌ આનંદપૂર્વક દીપાવલી પર્વ તરીકે આનંદથી ઊજવીએ છીએ. દીપાવલી એ ભારતનું સર્વમાન્ય આનંદકારી ધાર્મિક પર્વ છે.

આવા આ દીપાવલી પર્વના મંગલ પ્રસંગે વીરપ્રભુની આત્મસાધનાને યાદ કરીને આપણે પણ એ વીરમાર્ગે સંચરીએ ને આત્મામાં રત્નત્રયદીવડા પ્રગટાવીને અપૂર્વ દીપાવલીપર્વ ઊજવીએ...એ જ ભાવના.



**જય મહાવીર**



# વિવિધ વચનામૃત

આત્મધર્મનો ચાલુ વિભાગઃ લેખાંક ૩ઃ વિવિધ વચનામૃતનો આ વિભાગ પ્રવચનોમાંથી, વિવિધ શાસ્ત્રોમાંથી તેમજ રાત્રિચર્ચા વગેરે પ્રસંગો ઉપરથી તૈયાર કરવામાં આવે છે.

**( ૧૦૧ ) સ્વભાવને શોધ, સંયોગને ન શોધ**

* ત્રિકાળી તત્ત્વની શાંતિ બહારમાં શોધીને અજ્ઞાનીઓ આકુળતા કરે છે પણ વ્યવહાર અને બાહ્ય સાધનો તો સ્વયમેવ હોય છે. બહારના સાધનો શોધવામાં રોકાય ને અંતરનો આશ્રય કરે નહિ તેને ધર્મ થાય નહીં. બહારની સામગ્રી સ્વયમેવ તેના કારણે હોય છે. જીવ તેને મેળવતો નથી. બહારની ચીજ આત્માના રાગને આધીન નથી અને બહારના સાધનોને કારણે રાગ થતો નથી. ભૂમિકાનુસાર અશુભ રાગ ટાળીને શુભ થાય, પણ મારા રાગથી હું બહારનું મેળવું છું–એવી એકત્વબુદ્ધિ ન કરવી. શુભરાગ તે ચારિત્રનો વિકાર છે; ક્ષેત્રાંતર તે પ્રદેશત્વની ક્રિયા છે. એકને લીધે બીજાનું થતું નથી, ઇચ્છાને આધીન ગમન નથી, અને શરીરની ક્રિયા તો તદ્દન જુદી જ છે. કર્મને કે શરીરને આધીન તો આત્મા નથી જ, પણ ઇચ્છાને આધીન પણ આત્માનું ગમન નથી અને ઇચ્છાને આધીન શરીરની ક્રિયા નથી. બીજા તત્ત્વોથી તો આત્મામાં કાંઈ થતું નથી. ને પોતામાં પણ રાગને લીધે ધર્મ થતો નથી. અજ્ઞાની પોતાના સ્વભાવને શોધતો નથી ને બહારના પદાર્થોને શોધે છે. જો સ્વભાવને શોધે તો નિમિત્ત પણ સ્વયમેવ હોય જ છે, તેને ગોતવા પડતા નથી. હાથ હાલે ત્યા ધર્માસ્તિને ગોતવા જવું પડતું નથી.

**( ૧૦૨ ) ‘‘सिद्धाः सिद्धि मम दीसन्तु’’**

* હે સિદ્ધ ભગવંતો ! મને હવે ઝટ સિદ્ધિ આપો.

**( ૧૦૩ ) ત્રણ પ્રકારના કર્મ**

* કર્મ ત્રણ પ્રકારના છેઃ ૧ –શુદ્ધકર્મ; ૨ –વિકારીકર્મ; અને ૩ –જડકર્મ.

આત્માના રાગાદિ રહિત જાણનાર સ્વભાવના પરિણામ તે આત્માનું શુદ્ધ કર્મ છે. સમ્યગ્દર્શન તે આત્માનું શુદ્ધ કર્મ છે. વીતરાગી દશા તે આત્માનું શુદ્ધ કર્મ છે. કર્મ એટલે કર્તવ્ય, પરિણામ, પર્યાય; રાગાદિ તે પરમાર્થે આત્માનું કર્મ નથી, તે વિકારી કર્મ છે. જડકર્મો પુદ્ગલમય છે, તે આત્માથી ભિન્ન છે; તેમાં આત્મા પહોંચી વળતો નથી પણ પરમાણુ પહોંચી વળે છે, તેથી તેનો કર્તા આત્મા નથી. રાગાદિ વિકારને પોતાનું ખરું

કાર્ય માને તે પણ અજ્ઞાન છે; વિકાર રહિત જ્ઞાનભાવે પરિણમે તે આત્માનું ખરું કર્મ છે, તે ધર્મકાર્ય છે.

## ( ૧૦૪ ) ધન્ય વૈરાગી

* ભોગને ભોગવ્યા વિના જ અને સ્વાભાવિક વિષયો પ્રત્યેના ત્યાગપરિણામથી સમસ્ત વિષયોને જેમણે પોતાની અનંતવારની એંઠ સમાન ગણ્યા છે, ને એને છોડીને ચૈતન્ય તરફ વળ્યા છે –એવા પરમ પવિત્ર, ધર્મપુરુષોને વારંવાર નમસ્કાર હો.

## ( ૧૦૫ ) આત્માર્થનો માર્ગ

* હે જીવ, જો તારે આત્માર્થ સાધવો હોય તો તું જગતની દરકાર છોડી દેજે; કેમ કે આત્માર્થનો માર્ગ જગતથી જુદો છે. હે જીવો, આ અનંત અનંત દુઃખમય જન્મ-મરણથી છૂટવા માટે તમે સત્વર જાગો, પરમ પુરુષાર્થ કરીને જ્ઞાનીના સમાગમે આત્માને ઓળખો રે ઓળખો.

## ( ૧૦૬ ) ગૃહસ્થનું કર્તવ્ય

( ૧ ) શ્રી જિનેન્દ્રદેવની સેવા, ( ૨ ) શ્રી સદ્‌ગુરુઓની ઉપાસના, ( ૩ ) શ્રી સત્‌શાસ્ત્રોની સ્વાધ્યાય, ( ૪ ) સંયમ, ( ૫ ) તપ અને ( ૬ ) સુપાત્રદાન–આ છ કાર્યો ગૃહસ્થોએ પ્રતિદિન કરવા યોગ્ય છે.

## ( ૧૦૭ ) મારે શીખવું છે

* હે આંબાવૃક્ષ! મારે તારી જેમ મધુર અને નમ્રીભૂત થવું છે. મને મધુરતા અને નમ્રતા શીખવ.

* રે કમળના ફૂલ! મારે તારી જેમ પરભાવોથી અલિપ્ત રહેવું છે, મને અલિપ્ત રહેતાં શિખવ.

હે પર્વત! મારે તારી જેમ નિશ્ચલ–અડગ રહેવું છે, મને નિશ્ચળ–અડગ રહેતાં શિખવ.

* રે ગુલાબપુષ્પ! મારે તારી જેમ સુગંધી અને કોમળ બનવું છે, મને એવો બનતાં શિખવ.

* હે ઝીણી સોય! તારી તીણી ધારની જેમ મારે મારા જ્ઞાનને એવું તીક્ષ્ણ કરવું છે કે તે સર્વ પદાર્થોના અંતરંગ હાર્દને વીંધી તેના સ્વભાવનો પાર પામી જાય.

* હે તીક્ષ્ણ ધારવાળી છીણી! આત્મસ્વભાવ અને રાગાદિ બંધભાવોના એકત્વને છેદીને ભિન્નભિન્ન કરવા માટે મારે તારી જેમ મારી જ્ઞાન–પ્રજ્ઞાછીણી ભગવતીને પ્રાપ્ત કરવી છે.

## ( ૧૦૮ ) સંસાર અને મોક્ષ...

* પરમાં પોતાપણાની બુદ્ધિ થવી તે જ મિથ્યાત્વ અને સંસાર છે. અને સ્વમાં જ પોતાપણાની બુદ્ધિ થવી એ જ સમ્યક્ત્વ છે, અને એ જ મોક્ષપંથનું મૂળ છે.

## ( ૧૦૯ ) કોઈ...નહીં

* મોહકે બરાબર કોઈ શત્રુ નહીં હૈ; ક્રોધકે સમાન કોઈ આગ નહીં હૈ; ઔર જ્ઞાન કે સમાન કોઈ સુખ નહીં હૈ; સ્વાનુભૂતિસે બઢકર કોઈ ધર્મ નહીં હૈ.

# વસ્તુસ્વરૂપની મર્યાદા

[સમયસાર–સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારના પ્રવચનોમાંથી ( આસો માસ ) ]

**જીવ અને અજીવ એ બંનેના સ્વરૂપની ભિન્નભિન્ન મર્યાદા સમજાવીને આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! તારો કોઈ ગુણ કે દોષ પરદ્રવ્યમાં તો છે નહિ, અને પરદ્રવ્ય તને કોઈ ગુણ–દોષનું દાતા છે નહિ, તો પછી તેના ઉપર રાગ–દ્વેષ શો? અને જ્ઞાનમાંય રાગ–દ્વેષ કેવા? માટે પરથી ભિન્ન નિજગુણોનું ભાન કરીને, સર્વગુણસંપન્ન આત્મસ્વભાવ તરફ જે વળ્યો તે જીવ પોતાના જ્ઞાનદર્શન–ચારિત્રની નિર્મળતામાં જ તન્મયપણે પરિણમન કરતો થકો, અને રાગ–દ્વેષાદિ ભાવોમાં તન્મય જરાપણ નહિ થતો થકો, તે રાગાદિને કરતો જ નથી. અને પરદ્રવ્ય તો કાંઈ રાગદ્વેષ કરાવતું નથી; આ રીતે ભેદજ્ઞાનના બળે રાગ–દ્વેષ નિર્મૂળ થઈને વીતરાગતા ને કેવળજ્ઞાન થાય છે.**

જ્ઞાનનું સમસ્ત પરદ્રવ્યોથી અત્યંત ભિન્નપણું સમજાવીને આચાર્યદેવ કહે છે કે ભાઈ, તારા જ્ઞાન–દર્શન–ચારિત્રભાવો અચેતન પદાર્થોમાં તો જરાપણ નથી. જો આત્મા અપરાધ કરે તો તેના જ્ઞાનાદિનો ઘાત થાય, પણ કાંઈ તેથી દેહ–વાણી વગેરે અચેતનનો ઘાત થતો નથી. અથવા આત્મા સમ્યક્ભાવવડે પોતાના જ્ઞાનાદિ ગુણોને ખીલવે તો તેથી કાંઈ અચેતન દેહાદિમાં વિકાસ થતો નથી. કોઈ કહે કે જૂઠું બોલવામાં જો પાપ હોય તો જૂઠું બોલે તેની જીભ કેમ કપાતી નથી? –અરે ભાઈ! જૂઠું બોલવાના ભાવનું પાપ જીવમાં થાય, અને તેના ફળમાં અજીવનો (જીભનો) ઘાત થાય–એ ન્યાય ક્યાંથી લાવ્યો? હા, આત્માએ પાપભાવ કર્યા તો તેના જ્ઞાનાદિ ગુણમાં ઘાત થયો; પણ અપરાધ કરે આત્મા, ને ઘાત થાય જીભનો–એવો ન્યાય નથી.

જીવના કોઈ ગુણ કે દોષ પરમાં નથી; અને પરદ્રવ્ય જીવને કાંઈ ગુણ–દોષ ઉપજાવતું નથી, શરીરના ગુણ–દોષ ઉપરથી જીવના ગુણ–દોષનું માપ થાય નહિ. કોઈ અજ્ઞાની વિપરીતભાવ સેવતો હોય છતાં શરીર સારૂં રહે, ને કોઈ જ્ઞાની ધર્માત્મા અનેક ગુણસમ્પન્ન હોય છતાં શરીરમાં રોગાદિ હોય,–તેથી કાંઈ તેના ગુણમાં કોઈ બાધા આવતી નથી. આત્માનો એકેય ગુણ પરમાં નથી, તો પછી આત્માના કોઈ ગુણનું કે દોષનું ફળ પરમાં

કેમ આવે ? ભાઈ, જ્યાં પરદ્રવ્ય તને તારા ગુણ–દોષનું દાતા નથી ત્યાં તેના ઉપર રાગ–દ્વેષ શો ? જ્ઞાનમાંથી રાગદ્વેષ નથી આવતા, તેમજ અચેતન વિષયોમાં પણ રાગદ્વેષ નથી, પણ અજ્ઞાનીને જે અજ્ઞાનભાવ છે તે જ રાગદ્વેષની ખાણ છે. અજ્ઞાન ટળ્યું ને સમ્યગ્દર્શન પ્રગટયું ત્યાં તે સમ્યગ્દ્રષ્ટિને રાગદ્વેષનો અભાવ જ ગણ્યો છે, કેમકે તેનો જે જ્ઞાનભાવ છે તેમાં રાગદ્વેષ નથી.

જીવ અને અજીવ એ બે વસ્તુને જો એકતા હોય કે આધાર–આધેયપણું હોય તો તેમાંથી એકનો ઘાત થતાં બીજાનો પણ ઘાત થવો જોઇએ. જેમ દીવો અને પ્રકાશ બંનેને એકવસ્તુપણું છે તો તેમાંથી એકનો નાશ થતાં બીજાનો પણ નાશ થાય છે; પરંતુ જે ઘડામાં દીવો રાખ્યો હોય તે ઘડાનો નાશ થતાં કાંઈ દીપકનો નાશ થઈ જતો નથી, કેમકે તે ઘડાને અને દીવાને એકવસ્તુપણું નથી પણ ભિન્નતા છે. તેમ આત્મા ચૈતન્યદીવો અને તેના જ્ઞાનાદિ પ્રકાશ–તે બંનેને એકવસ્તુપણું છે. પરંતુ આ ઘટ અર્થાત્ શરીર, અને અંદર રહેલો જ્ઞાનદિવો (આત્મા) તે બંનેને એકવસ્તુપણું નથી, તેથી શરીરાદિ પુદ્ગલનો ઘાત થવા છતાં જ્ઞાનાદિગુણોનો ઘાત થઇ જતો નથી, અને જ્ઞાનાદિગુણો અજ્ઞાનીને હણાય તેથી કાંઈ પુદ્ગલદ્રવ્યમાં ઘાત થઈ જતો નથી. આ રીતે જીવના જ્ઞાન–દર્શન–ચારિત્ર વગેરે જેટલા ગુણો છે અથવા તે ગુણોની જેટલી પર્યાયો છે તે કોઈ પણ ગુણ કે પર્યાય પરદ્રવ્યમાં નથી.

પ્રશ્નઃ– રાગદ્વેષ કોનાં પરિણામ છે ?

ઉત્તરઃ– રાગદ્વેષ અચેતનમાં નથી. રાગદ્વેષ તો જીવનાં જ અનન્ય પરિણામ છે. પરંતુ કયા જીવના ? કે અજ્ઞાનીના; અજ્ઞાની જ રાગદ્વેષભાવો સાથે તન્મયપણે પરિણમે છે, પરંતુ જ્ઞાની તો પોતાના ગુણોને પોતામાં જ દેખતો થકો, સ્વાશ્રયદ્રષ્ટિથી જ્ઞાનાદિ ગુણોને વિકસાવતો જાય છે એટલે તેને રાગાદિભાવો સાથે તન્મયતા નથી. –ગુણના વિકાસથી એને તો રાગદ્વેષનો ઘાત થતો જાય છે.

ત્રણ વાત થઈ–

I જીવના જ્ઞાનાદિ ગુણો કે રાગાદિ દોષો પરદ્રવ્યમાં જરાપણ નથી. –એ એક વાત.

I I જ્ઞાનાદિ ગુણો કે રાગાદિ દોષો જીવના અનન્ય પરિણામ છે; પરંતુ જ્ઞાનીને પોતાના જ્ઞાનાદિસ્વભાવથી ભરપૂર આત્માના આશ્રયે દર્શન–જ્ઞાન–ચારિત્રની જ ખીલવટ થતી જાય છે, તેમાં રાગાદિ દોષોનો અભાવ છે, માટે જ્ઞાનીને રાગાદિ નથી. –એ બીજી વાત.

III તો રાગાદિભાવોની ઉત્પત્તિની ખાણ કઈ છે? કે જેને પોતાના આત્મગુણોનું લક્ષ નથી તે અજ્ઞાની જ અજ્ઞાનભાવથી રાગ–દ્વેષાદિભાવોને ઉત્પન્ન કરે છે ને તેમાં તન્મયપણે વર્તે છે, –એટલે તેનું અજ્ઞાન જ રાગાદિભાવોની ખાણ છે. અજ્ઞાન નથી ત્યાં રાગાદિનું કર્તૃત્વ નથી. આમ ત્રણ બોલમાં આચાર્યદેવે અદ્‌ભુત ભેદજ્ઞાન કરાવ્યું છે.

ભાઈ, તારા અનંત ગુણો તારામાં ભર્યા છે, તે તારાથી દૂર નથી; અને જો તું તારા ગુણોથી ભરેલા સ્વભાવની દ્રષ્ટિ ન કર તો દોષ તારાથી દૂર નથી. અર્થાત્ તારા દોષ પણ તારામાં જ (તારી પર્યાયમાં જ) થાય છે ને તારા ગુણ તારામાં જ ભરેલા છે. તારાથી બહાર તારો કોઈ ગુણ કે દોષ નથી. વસ્તુસ્વરૂપની આવી મર્યાદા છે. પોતાના ગુણ–દોષ પોતામાં જ છે ને પરમાં નથી એમ જે વાસ્તવિકપણે જાણે તે સ્વાશ્રયભાવથી ગુણોને પ્રગટ કરે ને દોષોને ટાળે. એનું નામ ધર્મ ને એ જ મોક્ષનો પંથ!

સ્વદ્રવ્યના આશ્રયથી જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટયા તેને અચેતનથી અત્યંત ભિન્નતા છે; કેમકે અચેતન શરીરાદિનો ઘાત થવા છતાં તે રત્નત્રયગુણનો ઘાત થતો નથી; શરીર મોળું પડે, ઇન્દ્રિયો શિથિલ થાય, વૃદ્ધાવસ્થા થઈ જાય, રોગાદિ આવે, કે તેના છેદાઈ–ભેદાઈને કટકા થાય, તો પણ ધર્માત્માના સમ્યગ્દર્શનાદિ ગુણો છેદાતા નથી. જો તે સમ્યગ્દર્શનાદિને શરીર સાથે જરાય એકતા હોત કે તેનો જરાય આધાર–મદદ હોત તો તે શરીરની શક્તિ હણાતાં સમ્યગ્દર્શનાદિ પણ હણાત; અથવા અજ્ઞાનીને શરીરની પુષ્ટિ થતાં શ્રદ્ધા–જ્ઞાનની પણ પુષ્ટિ થાત. પણ એવો કોઈ સંબંધ નથી. તું દોષ કર તો તારામાં, ને તું ગુણ પ્રગટ કર તો તે પણ તારામાં; તારા દોષ કે ગુણ પરમાં નથી; માટે પરદ્રવ્યને તારા દોષ–ગુણનું ઉત્પાદક ન દેખ. તારો અંતર સ્વભાવ ગુણનો ભંડાર છે તે જ ગુણ પ્રગટવાની ખાણ છે, તેમાં અંતરદ્રષ્ટિ કરતાં સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટે છે. ને પોતાના સ્વભાવને ભૂલીને પરમાં કે વિકારમાં જે એકત્વબુદ્ધિ કરે છે તેને તે એકત્વબુદ્ધિરૂપ અજ્ઞાન જ દોષની ઉત્પત્તિનું મૂળ છે.

અહા, મારા ગુણને કે દોષને પર સાથે કાંઈ સંબંધ નહિ; –કેટલો વીતરાગભાવ! અજ્ઞાનને લીધે અત્યાર સુધી મેં જ મારા સમ્યક્‌ત્વાદિભાવોનો ઘાત કર્યો, કોઈ બીજાએ નહિ; અને હવે ભેદજ્ઞાન વડે સ્વાશ્રય કરીને તે સમ્યગ્દર્શનાદિ ભાવોને ઉત્પન્ન કરનાર પણ હું જ છું, તેમાં કોઈ બીજો સહાયક નથી, કે બીજા કોઈની તાકાત નથી કે તેનો ઘાત કરી શકે. –આમ સ્વસત્તામાં જ મારું સર્વસ્વ છે. એવો સમ્યક્‌નિર્ણય કરનાર જીવ પોતાના

શુદ્ધ દ્રવ્યને દેખે છે અને રાગાદિ અશુદ્ધભાવોને એકત્વપણે પોતામાં કદી કરતો નથી. આ રીતે શુદ્ધદ્રષ્ટિ વડે તે ધર્માત્મા રાગદ્વેષને અત્યંત ક્ષય કરતો કરતો શુદ્ધ ચૈતન્યતેજથી દીપી ઊઠે છે.

જ્યાં તારા ગુણ વિદ્યમાન છે ત્યાં જો, તો તે ગુણ પર્યાયમાં પ્રગટશે. જ્યાં તારા ગુણનું અસ્તિત્વ નથી ત્યાં જોતાં ગુણો પ્રગટશે નહિ. એટલે સ્વસન્મુખતાથી જ સમ્યક્ત્વાદિ ગુણો પ્રગટે છે, ને પરસન્મુખતાથી કદી સમ્યક્ત્વાદિ પ્રગટતા નથી. પરસન્મુખ ગુણ પ્રગટવાનું જે માને તેને મિથ્યાત્વાદિ દોષ પ્રગટે છે. માટે હે ભાઈ! પરાશ્રય છોડીને સ્વાશ્રય તરફ વળ...એ જ ધર્મની ચાવી છે. પરથી પોતાના ગુણદોષ માને તેને પર ઉપર રાગ-દ્વેષ થયા વિના રહે નહિ એટલે ઉપશમભાવ તો થાય જ નહિ. ધર્માત્મા તો આ જાણીને અત્યંત ઉપશમભાવને પામે છે, પરપ્રત્યે અત્યંત મધ્યસ્થ ઉદાસીન થઈને સ્વદ્રવ્યને જ તે અવલંબે છે. સ્વાવલંબી ભાવ એ જ વીતરાગી ઉપશમભાવ છે, એમાં જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે.

મુનિદશામાં નિર્ગ્રંથ શરીર હોય છે, તે શરીર તો અચેતન છે ને ભાવલિંગ (રત્નત્રય) તે તો ચેતન છે. શું અચેતન શરીરમાંથી રત્નત્રયરૂપ ભાવલિંગ આવે છે? ના; જો એમ હોય તો તો, જ્યારે સિંહ શરીરને ખાઈ જાય ત્યારે ભેગા ભેગા રત્નત્રય પણ ખવાઈ જાય. પણ એમ નથી; ઊલટું શરીરને સિંહ ખાતો હોય, શરીર તો ક્ષીણ થતું હોય ને મુનિ રત્નત્રયની ઊગ્રતા કરીને કેવળજ્ઞાન પામી જાય. આમ ચેતનપર્યાયોને અચેતનથી અત્યંત ઉદાસીનતા છે, ભિન્નતા છે. શરીરનો દાખલો આપ્યો એ જ રીતે રાગ સાથે પણ જીવના ગુણોને (નિર્મળ પર્યાયોને) આધાર આધેયપણાનો જરાય સંબંધ નથી. રાગની તો હાનિ થાય છે ને ગુણની વૃદ્ધિ થાય છે. અજ્ઞાની તો જાણે રાગના આધારે ધર્મ થશે એમ માને છે, શુભરાગની વૃદ્ધિથી જાણે મારા ગુણોની વૃદ્ધિ થશે એમ તે રાગમાંથી પોતાના સમ્યક્ત્વાદિ ગુણો આવવાનું માને છે. પણ ભાઈ, રાગમાં તો તારો એકેય ગુણ નથી. તારા ગુણને રાગથી અત્યંત ભિન્નતા છે-જેવી દેહથી ભિન્નતા છે તેવી. જેમ દેહના આધારે ગુણ નથી તેમ રાગના આધારે પણ ગુણ નથી. સમ્યક્ત્વાદિ પ્રગટવામાં રાગનું અવલંબન જરાય નથી; ચિદાનંદ સ્વભાવી શુદ્ધ દ્રવ્યનું એકનું જ અવલંબન છે.- આમ હે જીવો! તમે દેખો! આચાર્યદેવ પોતાની સાક્ષીથી કહે છે કે પરદ્રવ્ય આ આત્માને ગુણદોષનું જરાપણ ઉત્પાદક નથી-એમ અમે તો દેખીએ છીએ, અને હે જીવો! તમે પણ સમ્યક પ્રકારે એમ જ દેખો...ને ઉપશમભાવને પામો.

# જ્ઞાન

[સમયસાર–સર્વવિશુદ્ધજ્ઞાનઅધિકારના પ્રવચનોમાંથી ૨]

આત્માના જ્ઞાનસ્વભાવનું પરથી અત્યંત નિરપેક્ષપણું છે; જ્ઞાનની નિર્મળતાને લીધે જ્ઞાતા–જ્ઞેયપણાના સંબંધ જેટલો વ્યવહાર હોવા છતાં પરમાર્થે જ્ઞાનને અને પરને કાંઈ લાગતુંવળગતું નથી, પરસ્પર એકબીજાનું અત્યંત અકર્તાપણું છે. અરે, 'આત્માનું જ્ઞાન છે, અથવા જ્ઞાયક જ્ઞાયકનો જ છે' –એવા સ્વસ્વામીત્વના ભેદવિકલ્પરૂપ વ્યવહાર પણ જ્યાં પરમાર્થઅનુભવમાં પોષાતો નથી, એ અંદરનો વિકલ્પ પણ પરમાર્થસ્વભાવને પકડવામાં કામ આવતો નથી ત્યાં બહારના પર સાથેના સંબંધરૂપ વ્યવહારની તો વાત જ શી? જ્ઞાનનું નિરપેક્ષસ્વરૂપ સમજાવીને પર સાથે સંબંધ તોડાવી ને પરમાર્થસ્વભાવ તરફ જવાનું માર્ગદર્શન કરનાર આ પ્રવચનોનો પહેલો ભાગ 'આત્મધર્મ' ના ગતાંકમાં આવી ગયો છે; ત્યાર પછીનો બીજો ભાગ અહીં આપવામાં આવ્યો છે.

પોતામાં જે નથી, તેનો ત્યાગ શું?

જ્ઞાનદર્શનથી ભરેલો જે આત્મસ્વભાવ, તે સ્વભાવમાં રાગ કે પરદ્રવ્યો કદી તન્મય થયા જ નથી, તો પછી 'તેને હું છોડું' એવું સ્વભાવમાં ક્યાં રહ્યું? જેમ સફેદ ખડીમાં કાળાપણાનો અભાવ જ છે, તો તે ખડી કાળાશને શું છોડે? એ તો કાળાશના અભાવરૂપ સ્વભાવવાળી જ છે. તેમ ચેતનારો આત્મા, તેમાં અચેતન વગેરે પરદ્રવ્યોનો અભાવ જ છે, તો તે ચેતયિતા તે પરદ્રવ્યોને શું છોડે? એ તો પરદ્રવ્યના અભાવરૂપ સ્વભાવવાળો જ છે. પરનો ત્યાગનાર કહેવો તે તો વ્યવહારથી જ છે, અને આત્મા પોતાના નિર્મળ ભાવોને ગ્રહે છે–એમાં પણ ભેદરૂપ વ્યવહાર છે. આત્મા પોતાના નિર્મળ ભાવોમાં તન્મય જ છે; એનાથી કાંઈ જુદો નથી કે એને ગ્રહણ કરે. આત્મા સ્વભાવથી જ જ્ઞાનદર્શનથી ભરપૂર છે ને પરના ત્યાગરૂપ છે, –આવા સ્વભાવને લક્ષમાં લઈને તેમાં એકાગ્ર થયો ત્યાં

ગ્રહવાયોગ્ય બધું ગ્રહ્યું ને છોડવા યોગ્ય બધું છોડયું. જેમ ખડી ભીંતરૂપ થતી નથી તેમ જ્ઞાતાદ્રવ્ય કાંઈ પરરૂપ થતું નથી. પરરૂપ થતું નથી એટલે પરને છોડતું પણ નથી, કેમકે પોતામાં જે છે જ નહિ તેને છોડવું શું ?

તું ચેતયિતા...જ્ઞાનદર્શનથી ભરેલો. શું રાગ તારા સ્વભાવમાં છે ?

–ના; સ્વભાવમાં રાગનો અભાવ છે. તો જેનો અભાવ છે તેને છોડવું કઈ રીતે ?

**જ્ઞાનમાં તન્મયતા એનું નામ રાગનો ત્યાગ**

‘રાગનો ત્યાગ કર્યો’ એટલે શું ? કે જેવો સ્વભાવ છે તેવો જાણીને તેમાં જ્યાં એકાગ્ર થયો ત્યાં પર્યાયમાં રાગની ઉત્પત્તિ ન થઈ, પહેલાં પર્યાયમાં રાગ હતો ને હવે તે રાગ ન થયો તે અપેક્ષાએ ‘રાગનો ત્યાગ’ કહ્યો, પણ તે સમયે રાગ હતો ને છોડયો– એવો એનો અર્થ નથી. સ્વભાવમાં તો રાગ હતો જ નહિ. જો સ્વભાવમાં રાગ હોય તો જ્ઞાનની જેમ રાગ સાથે ય આત્મા તન્મય થઈ જાય, ને રાગ કદી છૂટી ન શકે; અથવા રાગને છોડતાં જ્ઞાન પણ છૂટી જાય. માટે જ્ઞાન તો જ્ઞાન જ છે, જ્ઞાનમાં રાગ તન્મય છે જ નહિ. જ્ઞાન જ્ઞાનમાં તન્મય થઈને પરિણમ્યું–એમાં જ રાગનો ત્યાગ છે.

**અબાધિત નિયમ**

જગતનો અબાધિત નિયમ છે કે કોઈ પણ વસ્તુ અન્ય વસ્તુરૂપે રૂપાંતર થઈ જતી નથી. દરેક વસ્તુ સદાય નિજસ્વરૂપમાં જ રહે છે, કોઈ વસ્તુ નિજસ્વરૂપ છોડતી નથી, ને પરસ્વરૂપે થતી નથી. આત્માના જ્ઞાનસ્વરૂપમાં બીજું કોઈ પ્રવેશી જાય એમ કદી બનતું નથી. ભાઈ, તારા આત્મામાં પરદ્રવ્ય પ્રવેશી ગયું નથી ને તું કદી પરરૂપ થઈ ગયો નથી, સ્વ ને પર જુદા ને જુદા જ છે.

**જેનો અભાવ થાય તે સ્વભાવ નહિ**

સિદ્ધદશામાં રાગનો અભાવ થયો છે ને! જો રાગ તે સ્વભાવમાં હોત તો તેનો અભાવ ક્યાંથી થાત ? સ્વભાવનો તો નાશ થાય જ નહિ. જેમ ‘જ્ઞાન’ સ્વભાવ છે તો તે જ્ઞાનનો કદી નાશ થતો નથી, તેમ રાગ જો સ્વભાવ હોય તો તેનો કદી અભાવ ન થાય. જેનો અભાવ થાય તે સ્વભાવ નહિ. માટે, અત્યારે પર્યાયમાં રાગ હોવા છતાં, સ્વભાવદ્રષ્ટિથી તો આત્મા રાગના ત્યાગસ્વરૂપ જ છે. એવા સ્વભાવની આરાધનાથી જ પર્યાયમાં રાગનો અભાવ થાય છે. ‘રાગને છોડું’ એ પર્યાયલક્ષે છે, અખંડસ્વભાવને લક્ષમાં લ્યો

તો 'રાગ છે ને તેને છોડું' એવા પ્રકાર તેમાં નથી. ને આવા સ્વભાવમાં એકાગ્રતાથી જ પર્યાયમાં રાગના અભાવરૂપ પરિણમન થઈ જાય છે. સ્વભાવ તો રાગના અભાવરૂપ છે ને પર્યાય તેમાં વળી ત્યાં તે પણ રાગના અભાવરૂપ થઈ. –આ સિવાય બીજી રીતે રાગનો અભાવ થાય નહિ, ને બંધનથી છૂટકારો થાય નહિ.

**જ્ઞાનમાં બોજો નથી**

અરે, તું તારા જ્ઞાનસ્વભાવને તો જો. જ્ઞાનસ્વભાવ ઉપર કોઈનો બોજો છે જ નહીં. તારામાં તો તારો જ્ઞાન–દર્શન સ્વભાવ છે. પોતાના નિજસ્વભાવને આત્મા કદી છોડતો નથી, ને પરભાવને પોતામાં કદી ગ્રહતો નથી. આત્મસ્વભાવમાં પરભાવનો બોજો નથી. આવો આત્મસ્વભાવ સ્વાનુભવમાં લેતાં તને મોક્ષમાર્ગનો લાભ થશે.

**સ્વતંત્ર પરિણમનમાં વ્યવહારની હદ કેટલી ?**

જો કે પરમાર્થે તો જ્ઞાન તે જ્ઞાન જ છે, જ્ઞાનને પર સાથે સંબંધ નથી; જ્ઞાન પોતે પરમાં જતું નથી ને પરને પોતામાં લાવતું નથી; પણ જ્ઞાનસામર્થ્ય એવું ખીલ્યું છે કે સામા પદાર્થોને પોતામાં જ્ઞેય બનાવે છે. પહેલાં પદાર્થોને રાગદ્વેષનું નિમિત્ત બનાવતો તેને બદલે હવે પદાર્થોને જ્ઞાનનું નિમિત્ત બનાવે છે. જ્ઞાન જ્ઞાનપણે પરિણમ્યું ત્યાં પદાર્થો જ્ઞેયપણે તેને નિમિત્ત થયા; એ તો ઠીક, પણ આ જ્ઞાન પણ જ્ઞેયપદાર્થોને નિમિત્ત થયું. પુદ્ગલાદિ પદાર્થો જ્ઞેયપણે પરિણમે છે તો તેમના પોતાના સ્વભાવથી જ, કાંઈ જ્ઞાન તેમને નથી પરિણમાવતું, પણ તેના જ્ઞેયપણામાં આ ચેતયિતાનું જ્ઞાન નિમિત્ત થાય છે. જુઓ, આ વ્યવહાર! એકબીજાનું કાંઈ કરે એવો તો વ્યવહાર નથી. જ્ઞાતા–જ્ઞેયપણાનો સંબંધ એટલો જ વ્યવહાર છે. જ્ઞાન પરને જાણે એટલો વ્યવહાર, પણ જ્ઞાન પરને જાણતાં તેમાં કાંઈ ફેરફાર કરી નાંખે, કે પર ચીજ જ્ઞાનમાં જણાતાં જ્ઞાનને કાંઈ રાગદ્વેષ કરાવી દે–એમ નથી. વ્યવહારમાં પણ બંનેનું સ્વતંત્ર પરિણમન સ્વીકારીને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવ્યો છે. એટલી જ વ્યવહારની હદ છે.

**વિકસતું જ્ઞાન પરદ્રવ્યને રાગદ્વેષનું નિમિત્ત બનાવતું નથી**

જ્ઞાન–દર્શન–ચારિત્રની જે નિર્મળ પર્યાય ખીલી તેમાં વ્યવહાર કેવો હોય તે અહીં બતાવે છે. પર સાથેનો સંબંધ તોડી અંતર્મુખ સ્વભાવમાં તન્મયપણે પરિણમતું જ્ઞાન વિકલ્પથી જુદું પડયું ત્યાં હવે તે વિકલ્પ સાથે તેને કર્તાકર્મપણું તો ન રહ્યું, પરંતુ ઊલ્ટું તે વિકલ્પ જ્ઞેયપણે જ્ઞાનમાં નિમિત્ત થયું. પ્રતિકૂળ સંયોગ આવતાં શું જ્ઞાનમાં પ્રતિકૂળતા

આવી ગઈ ? તો કહે છે કે ના, એ તો મારા જ્ઞાનનું નિમિત્ત છે; એ મને દ્વેષનું નિમિત્ત નથી પણ જ્ઞાનનું જ નિમિત્ત છે. એ જ રીતે અનુકૂળ સંયોગ આવે ત્યાં પણ જ્ઞાની તો નિજભાવથી જ્ઞાનરૂપ જ પરિણમતો થકો તેને જ્ઞાનનું જ નિમિત્ત બનાવે છે. જ્ઞાની જ્ઞાનરૂપપણાને છોડીને અન્યભાવરૂપે પરિણમતો જ નથી. જ્ઞાન પોતે કોઈ સંયોગરૂપે પરિણમતું નથી ને સંયોગને પોતારૂપે પરિણમાવતું નથી. આવું જ્ઞાન તે નિજસ્વરૂપ છે. જ્ઞેયો જ્ઞાનમાં જણાય તે તો જ્ઞાનના વિકાસની પ્રસિદ્ધિ કરે છે. વિકસતા જ્ઞાનમાં પ્રતિભાસતા જ્ઞેયો કાંઈ રાગદ્વેષનું કારણ થતા નથી.

**જ્ઞાન જ્ઞાનરૂપ; જ્ઞેય જ્ઞેયરૂપ; જાણનારને રાગદ્વેષ શા ?**

જ્ઞાન શરીરને જાણે ત્યાં જ્ઞાન જ્ઞાનરૂપ પરિણમે છે, શરીર શરીરરૂપ પરિણમે છે; શરીરને જાણતાં જ્ઞાન કાંઈ શરીરરૂપ થઈ જતું નથી, અને શરીરના રોગાદિ કાંઈ જ્ઞાનમાં ઘૂસી જતાં નથી. દૂરના પદાર્થ હો કે નજીકના હો, જ્ઞાન તો બંનેથી જાુદું ને જાુદું રહીને જ જાણે છે. અહા, જ્ઞાનનો સ્વભાવ શું છે–તે જાણે તો કેટલી શાન્તિ ! જ્ઞાનમાં પરની કાંઈ ઘાલમેલ નથી. આત્મા જેના રૂપે પરિણમતો નથી તેનાથી આત્માને લાભ કે નુકશાન કેમ થાય ? આત્મા પરને જાણતાં કાંઈ તે પદાર્થને પોતામાં લાવતો નથી. જ્ઞાન જ્ઞાન જ છે–એ નિશ્ચય છે, જ્ઞાન પરને જાણે છે–એવો પર સાથેનો સંબંધ તે વ્યવહાર છે. વ્યવહારમાં પણ આત્મા જ્ઞાતા ને પરચીજ જ્ઞેય–એટલો જ્ઞાતાજ્ઞેયપણાનો જ સંબંધ છે, એથી વિશેષ કાંઈ સંબંધ નથી. જ્ઞાનનો સ્વભાવ તો જાણવાનો જ છે, એટલે તે છૂટી શકે નહિ. જાણનારી પર્યાય પોતામાં રહે છે, પરમાં જતી નથી. જાણનાર જાણનાર સ્વરૂપે જ રહે તો તેને સુખ–દુઃખ શું ? રાગ–દ્વેષ શું ? જ્ઞેયપણે બધા સરખા છે, તેમાં આનાથી હું સુખી કે આનાથી હું દુઃખી –એવા બે ભાગ નથી; ને જ્ઞાનમાં ય એવો સ્વભાવ નથી કે પદાર્થને જાણતાં તેનાથી રાજી કે નારાજ થાય. આવા જ્ઞાનસ્વભાવને સ્વીકારવો તે પ્રથમ સત્‌નો સ્વીકાર છે.

**જ્ઞાનની પ્રતીત ત્યાં મોક્ષનો પુરુષાર્થ**

આત્મા જ્ઞાનથી ભરેલો છે, તેમાંથી પ્રવાહ આવે છે. મારી અવસ્થામાં મોક્ષદશા થવાની છે, તે મોક્ષદશાનું એટલે કે સર્વજ્ઞતા ને પૂર્ણાનંદનું સામર્થ્ય અત્યારે જ મારા સ્વભાવમાં ભરેલું છે–એમ ધર્મીજીવ અંતરદ્રષ્ટિથી સ્વભાવ સામર્થ્યને અનુભવે છે. આવા સ્વભાવની પ્રતીત વગર મોક્ષનો પુરુષાર્થ ઉપડે નહિ.

## અજ્ઞાની જ્ઞાન અને જ્ઞેયની ભેળસેળ કરે છે

આત્મા એટલે સર્વજ્ઞસ્વભાવી પરમાત્મા; જ્ઞાનભાવમાં તન્મય થઈને પરિણમતી વસ્તુને જ પરમાર્થ–આત્મા કહીએ છીએ; રાગને આત્મા કહેતા નથી. આવા આત્માને પ્રતીતમાં સ્વાનુભવમાં લીધા વગર જ્ઞાનપર્યાયમાં નિશ્ચય શું ને વ્યવહાર શું તેની ખબર પડે નહિ. ભિન્ન જ્ઞાનની જેને ખબર નથી તે જ્ઞાન–જ્ઞેયની એકબીજામાં કોઈ ને કોઈ પ્રકારે ભેળસેળ કરી નાંખે છે. તેને અહીં સમજાવે છે કે ભાઈ, જ્ઞાન જ્ઞાનમાં, ને જ્ઞેય જ્ઞેયમાં, બંને ભિન્ન–ભિન્ન પોતપોતામાં જ વર્તી રહ્યા છે, એકબીજાને કાંઈ લાગતું–વળગતું નથી. જ્ઞેયોમાં કાંઈ છેદાય–ભેદાય તેથી જ્ઞાન કાંઈ છેદાતું–ભેદાતું નથી. ચૈતન્યવસ્તુનો દરબાર કોઈ અનોખો છે,–જેમાં કોઈ પરજ્ઞેયનો પ્રવેશ નહિ છતાં બધાય જ્ઞેયો જણાય. જ્ઞાનની સીમા તૂટે નહિ છતાં જ્ઞેય તેમાં જણાય એવો વ્યવહાર છે. જ્ઞાતા પોતે જ્ઞાનમય જ પરિણમે છે–તે નિશ્ચય છે, તેમાં કોઈ બીજાની અપેક્ષા નથી. –આમ જ્ઞાનની જેમ શ્રદ્ધા–ચારિત્ર વગેરે ગુણોમાં નિશ્ચય–વ્યવહાર યથાયોગ્ય સમજવા.

## ચૈતન્યશક્તિનું ધ્યાન તૃપ્તિ ઉપજાવે છે

તત્ત્વાનુશાસન ૧૯૨મી ગાથામાં કહે છે કે : અરિહંત અને સિદ્ધનું ધ્યાન કરવું. ત્યાં પ્રશ્ન ઊઠયો છે કે અરિહંતપદ કે સિદ્ધપદ અત્યારે તો આત્મામાં નથી, તો તેનું ધ્યાન કરવું એ તો જૂઠ–મૂઠ ફોગટ છે! ત્યારે તેનું સમાધાન કરતાં કહે છે કે હે ભાઈ! થોડા સમય પછી આત્મામાં જે અરિહંતપદ અને સિદ્ધપદ પ્રગટવાના છે તે પર્યાયો સાથે આ આત્મદ્રવ્ય અત્યારે સંકળાયેલું છે, આત્મામાં તે પર્યાયો પ્રગટવાની તાકાત ભરી છે; સર્વજ્ઞસ્વભાવ અત્યારે અંદર શક્તિપણે ભરેલો છે, તેનું ધ્યાન કરતાં તૃપ્તિ–શાંતિ ને નિરાકુળ આનંદ અત્યારે અનુભવાય છે. જો અસત્ હોય તો તેના ધ્યાનથી શાંતિ કેમ થાય? જેમ કોઈને તરસ લાગી હોય ને મૃગજળમાં 'આ પાણી છે' એવી અસત્ કલ્પનાથી પાણીનું ધ્યાન કરે તેથી કાંઈ તેની તરસ મટે નહિ, પરંતુ અહીં તો અમને અર્હંત અને સિદ્ધપદના ધ્યાનથી આત્મસ્વભાવમાં સન્મુખતા થાય છે ને ચૈતન્યના અમૃતપાનથી અશાંતિ મટીને શાંતિ થતી પ્રત્યક્ષ વેદાય છે, માટે તે ધ્યાન અસત્ નથી પણ સત્ છે, સત્–સ્વભાવમાં જે સામર્થ્ય પડયું છે તેનું ધ્યાન જરૂર તૃપ્તિ ઉપજાવે છે. અરે, આખું સ્વભાવસામર્થ્ય વર્તમાન વિદ્યમાન ભર્યું છે, તેને અંતરમાં દેખે તો માર્ગ ખૂલી જાય ને બધા સમાધાન થઈ જાય.

**મોક્ષમાર્ગની સિદ્ધિ અભેદસ્વભાવના આશ્રયે છે; વ્યવહારવડે કાંઈ જ સિદ્ધિ નથી.**

આત્મામાં કર્તા, કર્મ, કારણ વગેરે જે છ કારકશક્તિ છે તે પણ ખરેખર પરથી નિરપેક્ષ છે. આત્મા વીતરાગ પર્યાયરૂપ પરિણમ્યો તે મોક્ષનું નિશ્ચય સાધન છે. અને ખરેખર તો સાધક અને સાધ્ય એવા બે ભેદથી આત્માને લક્ષમાં લેવો તે પણ વ્યવહાર છે. તે વ્યવહારથી (ભેદના વિકલ્પથી) શું સાધ્ય છે? તો કહે છે કે કાંઈ જ સાધ્ય નથી. ભેદના વિકલ્પથી પાર એકાકાર સ્વભાવ જેવો છે તેવો સાક્ષાત્ જ્ઞાનમાં–અનુભવમાં લેવો તે જ પરમાર્થ છે. અરે, રાગને વ્યવહારસાધન કહેવું– તેનાથી કાંઈ પ્રયોજન સધાતું નથી, માટે તે આશ્રય કરવા યોગ્ય નથી. મોક્ષમાર્ગના સાધનની ભૂમિકા સાથે જે રાગ હોય તે તેની મર્યાદાનો હોય એટલે અનુકૂળ જ હોય, ભૂમિકાથી વિરુદ્ધ રાગ ન જ હોય; આવા રાગને વ્યવહારસાધન કહેવાય, તો પણ તે વ્યવહારના આશ્રયથી કાંઈ સિદ્ધિ નથી. સિદ્ધિ તો પરમાર્થસાધનથી જ છે. આત્માના જ્ઞાનની જેમ બધી નિર્મળ પર્યાયોમાં પણ નિશ્ચય–વ્યવહારનું એ પ્રમાણ સમજી લેવું. જેટલો ભેદરૂપ વ્યવહાર છે, કે જેટલો પર સાથે સંબંધ બતાવે છે–તે બધોય વ્યવહાર કાંઈ પ્રયોજનરૂપ નથી, અર્થાત્ તેના આશ્રયથી મોક્ષમાર્ગની સિદ્ધિ થતી નથી. અભેદરૂપ જે પરમાર્થસ્વભાવ, તેની સાથે જ નિર્મળપર્યાયની અભેદતા છે, ને તે અભેદના આશ્રયે જ મોક્ષમાર્ગરૂપ પ્રયોજનની સિદ્ધિ થાય છે.–માટે પરથી નિરપેક્ષ એવું તે શુદ્ધતત્ત્વ જ અનુભવનીય છે.

## મહાવીર કા સન્દેશ

**સ્વસન્મુખ બનો....**

**આત્મશક્તિને સંભાળો......**

**આત્મિક વીરતા પ્રગટ કરો......**

**સ્વાશ્રયના બળથી મોક્ષ પ્રાપ્ત કરો.....**

**આ જ માર્ગે અમે મોક્ષ પામ્યા છીએ,**

**અને તમારે માટે પણ આ જ માર્ગ છે.**

**- આ છે ભગવાન મહાવીરનો સન્દેશ.**

# જિનરંજન કે જનરંજન

*** હે જીવ! તારે જિનરંજન કરવું છે? કે જનરંજન? જિનેન્દ્રભગવાને કહેલો જે વીતરાગી સમ્યક્માર્ગ તેને ઓળખીને જેણે શુદ્ધદ્રષ્ટિ પ્રગટ કરી તેણે ખરું જિનરંજન કર્યું, તેણે ભગવાનને પ્રસન્ન કર્યા, તે અલ્પકાળે મોક્ષને સાધશે. અને જે જીવ લોકરંજન કરવા રાગથી ધર્મ મનાવીને વિપરીતતત્ત્વની પ્રરુપણા કરે છે તે ભગવાનના માર્ગનો દ્રોહી છે ને તે દુર્ગતિમાં પડે છે.....હે ભાઈ, પહેલાં સાચો માર્ગ સમજીને સમ્યગ્જ્ઞાન પ્રગટ કર. અહો, ભવ્યજીવની સાચી આંખ તો સમ્યગ્જ્ઞાન છે.**

**( શ્રી તારણસ્વામી રચિત શ્રાવકાચાર ઉપરના પ્રવચનોમાંથી : આસોમાસ )**

શ્રાવકના આચાર અથવા શ્રાવકના ધર્મ તેમાં સૌથી પ્રથમ આચાર સમ્યગ્દર્શન છે. દર્શનઆચાર પૂર્વક જ ચારિત્રઆચાર હોય છે. તે સમ્યગ્દર્શન શું છે તેની આ વાત છે. સાતતત્ત્વો કે છ દ્રવ્યો તેમાં શુદ્ધ જીવને દેખવો તે શુદ્ધ દર્શન છે; આવા શુદ્ધ સમ્યગ્દર્શન સહિત જ શ્રાવકધર્મ હોય છે. સમ્યગ્દર્શનને અવલંબન કોનું? શુદ્ધ આત્મા જ તેનું અવલંબન છે. આત્માનો સ્વભાવ રાગ વગરનો છે, અજીવથી ભિન્ન છે; રાગનું કે અજીવનું અવલંબન તે સમ્યક્ત્વનું સાધન નથી. પરાલંબી શ્રદ્ધા તે વ્યવહારશ્રદ્ધા છે, નિશ્ચયશ્રદ્ધામાં પરાવલંબન નથી, એ તો સ્વાશ્રિતભાવ છે.

એક વિકલ્પનું પણ જેમાં કર્તૃત્વ નથી–એવું શુદ્ધ આત્મદ્રવ્ય, તેના નિર્વિકલ્પ અનુભવથી જેણે નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તેની જ નવતત્ત્વની, છ દ્રવ્યની કે દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવાય છે.

શ્રી તારણસ્વામી કહે છે કે અરે! લોકરંજન કરવા જે વિપરીત તત્ત્વની પ્રરુપણા કરે છે તે ભગવાનના માર્ગનો દ્રોહી છે ને તે નરકાદિ દુર્ગતિમાં પડે છે. જેને શુદ્ધ તત્ત્વનું ભાન નથી ને રાગના પોષણનો ઉપદેશ દેવામાં તત્પર છે તેવા જીવો જનરંજન કરે છે પણ

જિનરંજનમાં નથી વર્તતા. જિનરંજન એટલે જિનેન્દ્રભગવાનની ઉપાસના; જિનેન્દ્રભગવાને કહેલો જે વીતરાગી સમ્યક્માર્ગ તેને ઓળખીને જેણે શુદ્ધદૃષ્ટિ પ્રગટ કરી તેણે ખરું જિનરંજન કર્યું, તેણે ભગવાનને પ્રસન્ન કર્યા. મૂઢજીવો ભગવાનના માર્ગને ભૂલીને રાગથી ધર્મ મનાવતા થકા, લોકરંજન કરવામાં વર્તતા થકા પોતાના આત્માનું જ અહિત કરે છે.

ભાઈ, પહેલાં સાચો માર્ગ તો સમજ. ઊંધા માર્ગના કહેનારાનો વિશ્વાસ કરીશ મા. જે વિપરીત માર્ગ કહેનારા પાખંડી જીવોનો વિશ્વાસ કરીને ઊંધા માર્ગને સેવે છે તે જિનમાર્ગનો દ્રોહી છે, તે દુર્બુદ્ધિ છે. સદ્બુદ્ધિ તો તેને કહેવાય કે જે સમ્યક માર્ગને જાણે ને સમ્યક માર્ગનું જ પ્રતિપાદન કરે. અહીં તો કહે છે કે હે મુમુક્ષુ! જ્યાં ઊંધા તત્ત્વની પ્રરુપણા ચાલતી હોય, જ્યાં પાખંડી પોષાતા હોય એવા કુસંગના સ્થાનમાં તું જઈશ નહિ; તેને અનુમોદન દઈશ નહિ. રાગના અવલંબનથી કે વ્યવહારના આશ્રયથી ધર્મ થાય–એવું પ્રતિપાદન કરનારા જીવો જિનમાર્ગના દ્રોહી છે, ધર્મના દ્રોહી છે. ભાઈ, જિનદેવે તો વીતરાગભાવને જ ધર્મ કહ્યો છે. આવા ધર્મની તું પરીક્ષા કર. અને આવા જિનધર્મનો સાચો ઉપદેશ ક્યાં મળે છે ને તેનાથી વિપરીત પ્રરુપણા ક્યાં ચાલે છે તે પરીક્ષા કરીને ઓળખજે. તે ઓળખીને, જ્યાં વિપરીતમાન્યતાનું પોષણ ચાલતું હોય– એવા જનોનો સંગ તું છોડી દેજે.

શુદ્ધ જ્ઞાનપ્રકાશક એવો આત્મા, તેની નિર્વિકલ્પ શાંતિનું વેદન કરવું, તેમાં શુદ્ધ જ્ઞાનવડે જે શુદ્ધઆત્મા ઝળકે છે, તે જ તારણહાર તીર્થ છે. સમ્મેદશિખર વગેરે ક્ષેત્ર તે વ્યવહારથી તીર્થ છે, તેની યાત્રા–પૂજા–ભક્તિમાં શુભભાવ છે.–એવી યાત્રા વગેરેનો વ્યવહાર ધર્મીનેય હોય છે, તેનો કાંઈ નિષેધ નથી. પણ તેની મર્યાદા કેટલી? કે શુભરાગ અને પુણ્ય બંધાય તેટલી તેની મર્યાદા છે. ભવથી તરવાનું ને મોક્ષ પામવાનું સાધન તો જ્ઞાનને જ્ઞાનમાં જોડવું તે જ છે; ને તે જ ખરું પ્રયોજન છે. જ્ઞાન અંતર્મુખ થઈને આત્મસ્વભાવમાં જોડાય ત્યાં જ્ઞાનની વૃદ્ધિ થતી જાય છે, તે વધતાં વધતાં કેવળજ્ઞાનને અને મોક્ષને સાધે છે.

જ્ઞાનનું પ્રયોજન એ છે કે કેવળજ્ઞાનને સાધે. આવું સમ્યક્જ્ઞાન તે જ સાચી આંખ છે. અહો, ભવ્યજીવની સાચી આંખ સમ્યગ્જ્ઞાન છે. એ સમ્યગ્જ્ઞાન વગરના જીવો તો અંધ જેવા જ છે, તેઓ મોક્ષમાર્ગને દેખતા નથી. સ્વાનુભવથી જ્ઞાનીને સમ્યગ્જ્ઞાનરૂપી

દિવ્ય નેત્ર ખૂલી ગયાં છે. તે ભાવશ્રુતરૂપી આંખો વડે સર્વે તત્ત્વોને જાણીને મોક્ષમાર્ગને સાધે છે. આ રીતે સાચી આંખ તો સમ્યગ્જ્ઞાન છે.

ૐ કારનો વાચ્ય જે શુદ્ધઆત્મા, તે ધર્મી અંતરમાં અચક્ષુદર્શનથી દેખે છે એટલે આ બહારના ચક્ષુથી નહિ પણ અંતરના જ્ઞાનચક્ષુથી દેખે છે. અચક્ષુદર્શન સામાન્યપણે બધા છદ્મસ્થને હોય છે તે અચક્ષુદર્શનની આ વાત નથી, પણ ચક્ષુઇન્દ્રિયથી પાર એવું જે અતીન્દ્રિય ભાવશ્રુતજ્ઞાન તેના વડે અંતરમાં આત્માને દેખવો તેનું નામ અહીં 'અચક્ષુદર્શન' સમજવું. બહારના આ ચક્ષુથી આત્મા ન દેખાય, અંતરના ભાવશ્રુતચક્ષુથી જ આત્મા દેખાય. આવા અંતર્ચક્ષુથી આત્માને દેખનારા ધર્માત્મા તે પાત્ર છે, આદરણીય છે. સમ્યગ્દ્રષ્ટિ પણ બીજા સમ્યગ્દ્રષ્ટિને અને મુનિને આહારદાન વગેરેની ભાવના ભાવે છે; એવા ધર્માત્માને ભક્તિપૂર્વક આહારદાનાદિ કરવું તે ઊંચા પુણ્યબંધનું કારણ છે. અને શુદ્ધદ્રષ્ટિપૂર્વકની જેટલી શુદ્ધપરિણતિ છે તે સંવર–નિર્જરાનું કારણ છે. સ્વદ્રવ્યના જ ચિંતનથી શુદ્ધપરિણતિ થાય છે, ને પરદ્રવ્યના ચિંતનથી તો રાગાદિ થાય છે. માટે શુદ્ધ સ્વદ્રવ્યના ચિંતનમાં વર્તવું ને તેની જ ભાવના કરવી–એવો ઉપદેશ છે.

****

## ભાવ

* હે જીવ! તારે નિરંજન થવું હોય તો, જિનરંજન કર...ને જનરંજનની વૃત્તિ છોડ.

* હે જીવ! સંસારભ્રમણ કરતાં તેં અનંતકાળથી ઘોર દુઃખો સહ્યાં પણ જિનભાવના કદી ન ભાવી. આ સંસારદુઃખોથી છૂટવા હવે તો જિનભાવના ભાવ.

* મિથ્યાત્વાદિ ભાવો જીવે પૂર્વે સુચિરકાળ ભાવ્યા છે. સમ્યક્ત્વાદિ ભાવો જીવે પૂર્વે કદી ભાવ્યા નથી.

* ભવચક્રમાં પૂર્વે નહિ ભાવેલી ભાવનાઓ હવે હું ભાવું છું. તે ભાવનાઓ પૂર્વે નહિ ભાવી હોવાથી હું ભવના અભાવ માટે તેમને ભાવું છું. કારણ કે ભવનો અભાવ તો ભવભ્રમણના કારણભૂત ભાવનાઓથી વિરુદ્ધ પ્રકારની, પૂર્વે નહિ ભાવેલી એવી અપૂર્વ ભાવનાઓથી જ થાય છે.

# વસ્તુસ્વરૂપની પ્રસિદ્ધિ

ભાઈ, આ કાળે આયુષ થોડા, બુદ્ધિ થોડી, તો તેને આડીઅવળી નિષ્પ્રયોજન વાતમાં વેડફી ન દેતાં એવું વસ્તુસ્વરૂપ જાણ કે જેથી તારા જન્મ–મરણનો અંત આવે. જગતથી જુદો પડી આત્મપ્રયોજન સાધવામાં તારી બુદ્ધિ જોડ. અહા, આ જગતમાં અનુભૂતિ કરવાયોગ્ય ચિદાનંદપ્રભુ આત્મા જ છે. જ્ઞાની કહે છે કે આ જગતમાં કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યના પરિણામને ઉપજાવતું હોય–એમ અમને તો દેખાતું નથી, કેમકે અમે વસ્તુસ્વરૂપને જોનારા છીએ. એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ થતું અજ્ઞાનીને ભ્રમદ્રષ્ટિથી જ દેખાય છે,–એ કાંઈ વસ્તુસ્વરૂપ નથી. અરે જીવ! એ ભ્રમણા છોડ ને વસ્તુસ્વરૂપ જાણ. જડ–ચેતનનું અત્યંત ભિન્ન વસ્તુસ્વરૂપ પ્રસિદ્ધ કરીને આચાર્યભગવંતોએ જગત ઉપર ઉપકાર કર્યો છે.

( સમયસાર–સર્વવિશુદ્ધજ્ઞાનઅધિકાર ઉપરના પ્રવચનોમાંથી : આસો માસ )

આત્મા જ્યારે જ્ઞાનભાવ અને રાગભાવનું ભેદજ્ઞાન કરે છે ત્યારે તે જ્ઞાનભાવ સાથે જ તન્મયપણે પરિણમતો થકો જ્ઞાનભાવનો જ કર્તા થાય છે, રાગાદિ સાથે જરાય તન્મયપણે ન વર્તતો થકો તે રાગાદિનો કર્તા થતો નથી. અને જેને એવું ભેદજ્ઞાન નથી તે અજ્ઞાની જ્ઞાન સાથે રાગને પણ એકમેક કરતો થકો સ્વયમેવ અજ્ઞાનભાવથી રાગાદિનો કર્તા થાય છે,–પણ કાંઈ પરદ્રવ્ય તેને રાગાદિ કરાવતું નથી. અહા, આવી સ્પષ્ટ વાત કરીને આચાર્યદેવ કહે છે કે તત્ત્વદ્રષ્ટિથી જોતાં, રાગદ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય દેખાતું નથી; પરદ્રવ્ય આત્માના ભાવમાં કાંઈ પણ કરે એમ વસ્તુસ્વરૂપમાં તો અમને જરાય દેખાતું નથી. વસ્તુના સ્વરૂપને ઉલ્લંઘીને કોઈ અજ્ઞાની પરદ્રવ્યને રાગદ્વેષ કરાવનારું માને તો માનો, પરંતુ વસ્તુસ્વરૂપ તો એવું નથી. વસ્તુસ્વરૂપમાં તો સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતાના સ્વરૂપથી જ થતી અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશે છે. બહારની દ્રષ્ટિથી જોનારને જ કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યનું કર્તા પ્રતિભાસે છે, અંતરંગ દ્રષ્ટિથી જોનારને તો એવું જરા પણ દેખાતું નથી.

આવું વસ્તુસ્વરૂપ આચાર્યદેવ ગાથા ૩૭૨માં સ્પષ્ટપણે જાહેર કરે છે–

**કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,**

**તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઉપજે ખરે.**

કોઈ દ્રવ્યમાં એવી યોગ્યતા જ નથી કે બીજા દ્રવ્યના ગુણને કે પર્યાયને ઉપજાવી દ્યે. સર્વે દ્રવ્યો પોતપોતાની પર્યાયપણે પોતાના સ્વભાવથી જ ઊપજે છે, માટે જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે–એમ શંકા ન કરવી.

વિકાર વખતે કર્મ નિમિત્તપણે હો ભલે, પણ તે કર્મમાં એવી યોગ્યતા નથી કે જીવના રાગાદિને ઉત્પન્ન કરે.

માટી જ્યારે ઘડારૂપે ઊપજે છે ત્યારે તે પોતે પોતાના માટી–સ્વભાવથી જ ઘડાની ઉત્પત્તિ કરે છે, કુંભાર ગમે તેવો હોશિયાર હોય તો પણ તેનામાં એવી યોગ્યતા નથી કે પોતાના કોઈ ગુણ–પર્યાયને માટીમાં ભેળવીને તે ઘડાને ઉપજાવે.

ઘડાપણે કોણ ઊપજ્યું ? –માટી પોતે.

કુંભારે તેમાં શું કર્યું ? –કાંઈ નહિ.

રાગપણે કોણ ઊપજ્યું ? –જીવ પોતે.

જડ કર્મે તેમાં શું કર્યું ? –કાંઈ નહિ.

કેમકે કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યના કાર્યને ઉપજાવી શકતું નથી,–એવી વસ્તુસ્થિતિ જગતમાં પ્રસિદ્ધ છે. વસ્તુસ્થિતિને જાણનારા એવા અમને તો જ્ઞાનચક્ષુથી, કોઈ દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યના સ્વભાવપણે ઊપજતા દેખાતા નથી.–તો તું બીજી વાત ક્યાંથી લાવ્યો ?

જુઓ ભાઈ, આ કાળે આયુ થોડા, બુદ્ધિ થોડી, તો તેને બીજી આડીઅવળી નિષ્પ્રયોજન વાતમાં વેડફી ન દેતાં એવું વસ્તુ સ્વરૂપ જાણવું જરૂરી છે કે જેથી જન્મ–મરણનો અંત આવે. અરે, જગતના કાર્યનો બોજો મારા ઉપર નથી, ને મારું આત્મકાર્ય જગતમાં બીજા કોઈને આધીન નથી. મારું આત્મકાર્ય મારા હાથમાં જ છે. આમ જગતથી જુદો પડી, આત્મપ્રયોજનને સાધવામાં તારી બુદ્ધિને જોડ. એવું તત્ત્વજ્ઞાન કર કે જેથી ભેદજ્ઞાન પ્રગટે ને ભવનો અંત આવી જાય. શાસ્ત્રો તો અગાધ છે ને અત્યારે જીવની બુદ્ધિ થોડી છે, તેથી ભલે થોડું જણાય પણ એવું પ્રયોજનભૂત જાણવું કે જેથી આત્માનું કલ્યાણ થાય.

બીજું જે તે જાણવામાં રોકાઈ રહે ને આત્માના હિત માટે પ્રયોજનભૂત અધ્યાત્મતત્ત્વ ન જાણે તો કલ્યાણ થાય નહિ.

દ્રવ્ય પોતે પોતાના સ્વપરિણામથી જ ઊપજે ને અન્ય દ્રવ્ય તેને ઉપજાવે નહિ,–વસ્તુસ્વરૂપનો આ સિદ્ધાંત બધાંય દ્રવ્યોમાં લાગુ પડે છે. જગતમાં એક્કેય દ્રવ્ય એવું અપવાદરૂપ નથી કે જે અન્ય દ્રવ્યના સ્વભાવપણે ઊપજતું હોય. શુદ્ધભાવપણે કે અશુદ્ધભાવપણે પોતાના પરિણામથી જીવ પોતે જ સ્વયમેવ ઊપજે છે, તેમાં છએ કારક તેના સ્વતંત્ર છે, બીજા દ્રવ્યોનો તેમાં કિંચિત પણ હાથ નથી. જો પુદ્‌ગલકર્મ જીવને રાગાદિક ઉપજાવતું હોય તો તે પુદ્‌ગલો જ જીવના પરિણામ સાથે તન્મય થઈ જાય; કેમકે જે જેને ઉપજાવે તે તેનાથી જુદું ન હોય. જેમ માટી ઘડાને ઉપજાવે છે તેથી માટી તે ઘડાથી જુદી નથી. પણ કુંભકાર ઘડાને ઉપજાવતો નથી તેથી તે કુંભકાર માટીમય નથી પણ માટીથી ભિન્ન છે. માટીનો ઘડો કુંભારના શરીરના આકારે નથી ઉપજતો પણ માટીના જ આકારે ઊપજે છે. માટીનો ઘડો ફૂટી જાય તેથી કાંઈ કુંભારના શરીરમાં ભાંગતૂટ થતી નથી, ને કુંભારમાં કાંઈ થાય તેથી કાંઈ ઘડો ફૂટતો નથી; આ રીતે કુંભારને અને ઘડાને ભિન્નતા છે; તેઓ બંને ભિન્ન ભિન્ન પોતપોતાના સ્વભાવપણે ઊપજે છે, બીજાના સ્વભાવપણે કોઈ ઊપજતું નથી, તેમ આત્મા અને પુદ્‌ગલ બંને પોતપોતાના પરિણામ–સ્વભાવપણે ભિન્ન ભિન્ન જ ઊપજે છે. આત્મા પુદ્‌ગલપરિણામને, કે પુદ્‌ગલો જીવપરિણામને ઊપજાવતા નથી. આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! પરદ્રવ્ય તો તને રાગાદિકનું ઉત્પાદક નથી તો તેના ઉપર કોપ શો? પરદ્રવ્યને રાગ–દ્વેષ ઉપજાવનારું જે માને તેને ક્રોધાદિભાવ કદી મટે નહિ, અજ્ઞાન મટે નહિ. વસ્તુસ્વરૂપને જાણે તો સમ્યગ્જ્ઞાન થાય ને અજ્ઞાન ટળે; અને અજ્ઞાન ટળતાં જ્ઞાનસ્વરૂપે જ પરિણમતો આત્મા રાગાદિનો અકર્તા થાય છે.

આત્મા રાગપરિણામ કરે છે ત્યાં પુદ્‌ગલકર્મ નિમિત્ત છે; પરંતુ ત્યાં તે આત્મા શું નિમિત્તકર્મપણે ઊપજે છે?–ના; કર્મથી ભિન્ન એવા પોતાના રાગપણે જ તે ઊપજે છે; કર્મપણે તે ઊપજતો નથી. જો તે કર્મના સ્વભાવપણે ઊપજતો હોય તો આત્મા જડ થઇ જાય. જગતમાં જે કાર્ય ઊપજે તે તેના ઊપજાવનારના આકારે (સ્વરૂપે) જ થાય. જ્ઞાનીનું કાર્ય જ્ઞાન–આકારે ઊપજે છે. અજ્ઞાનીનું અજ્ઞાન–આકારે ને જડનું જડ–આકારે ઊપજે છે. જ્ઞાની કહે છે કે–જગતમાં કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યના સ્વરૂપે ઊપજતું હોય, કે બીજાું દ્રવ્ય પહેલા દ્રવ્યને પોતાના સ્વરૂપે ઊપજાવતું હોય એવું અમને તો દેખાતું નથી; કેમકે અમે વસ્તુસ્વરૂપને દેખનારા છીએ. જેઓ ભ્રમદ્રષ્ટિથી જાુએ છે તેઓને જ એક દ્રવ્ય અન્ય

દ્રવ્યરૂપે થતું દેખાય છે; એ કાંઈ વસ્તુસ્વરૂપ નથી પણ માત્ર અજ્ઞાનીનો દ્રષ્ટિભ્રમ છે. ભાઈ, એ ભ્રમ છોડીને વસ્તુસ્વરૂપને દેખ તો તને તારા શુદ્ધતત્ત્વની અનુભૂતિ થશે, અને પરમ અકર્તાપણું પ્રગટશે.

અહો, જગતમાં અનુભૂતિ કરવા યોગ્ય ચિદાનંદપ્રભુ આત્મા જ છે. તેની અનુભૂતિથી જ સમ્યગ્દર્શનાદિ થાય છે; તેની અનુભૂતિ જ મોક્ષમાર્ગ છે. અનુભવને મોક્ષસ્વરૂપ, ચિન્તામણિરત્ન કહેલ છે. અનુભૂતિથી બાહ્ય એવા જે રાગાદિ પરભાવો તે જો કે જીવની જ પર્યાયમાં છે પણ મોક્ષના હેતુભૂત તે ભાવો નથી; તેમજ તે ભાવોને કર્મે પણ ઉપજાવ્યા નથી. આ રીતે જ્ઞાનભાવ, વિકારભાવ ને જડભાવ ત્રણેનું પૃથક્કરણ કરીને વસ્તુસ્વરૂપને જે જાણે તે જ્ઞાનથી અન્યભાવોનો અકર્તા થઈને જ્ઞાનભાવપણે જ ઊપજે. –આવો જ્ઞાનભાવ તે મોક્ષનું કારણ છે.

કોઈ કહે કે કર્મ રાગદ્વેષ નથી કરાવતું–એમ કહીને તમે નિમિત્ત ઊડાડો છો ? –તો તે આ વાત સમજ્યા જ નથી. ભાઈ, કર્મ નિમિત્ત હોય તેથી શું તે જીવના રાગાદિ પરિણામપણે ઉપજ્યું ? જીવના રાગાદિ પરિણામપણે ઉપજ્યું કોણ ? જીવના રાગાદિ પરિણામપણે જીવ પોતે ઉપજ્યો કે કર્મ ? જો જીવ પોતે ઉપજ્યો તો કર્મે તેમાં શું કર્યું ? જો નિમિત્તભૂત કર્મ જીવના રાગાદિભાવપણે ઊપજતું હોય તો તો તે નિમિત્તકર્મ પોતે જ જીવ થઈ ગયું, એટલે તે માન્યતામાં નિમિત્તનો લોપ થયો, ને જીવ–અજીવ, ચેતન–જડ, ઉપાદાન–નિમિત્ત બધુંય એકમેક થઈ ગયું; વસ્તુસ્વરૂપ જ કાંઈ ન રહ્યું, ઉપાદાન–નિમિત્ત કાંઈ જુદા ન રહ્યા. માટે એક દ્રવ્ય અન્ય દ્રવ્યના પરિણામમાં કાંઈ કરે, તેને ઊપજાવે કે બગાડે–એવી માન્યતા વસ્તુસ્વરૂપથી વિરુદ્ધ હોવાથી મિથ્યા છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કોઈ પ્રકારે ઉત્પાદક છે જ નહિ, સ્વતંત્રપણે જ પોતપોતાના પરિણામરૂપે બધાંય દ્રવ્યો ઊપજે છે–આવું વસ્તુસ્વરૂપ જાણતાં સમ્યગ્જ્ઞાન ને વીતરાગતા થાય છે. માટે આવું વસ્તુસ્વરૂપ પ્રસિદ્ધ થાવ...ને અજ્ઞાનનો લોપ થાવ.

# આસો માસની
# વિ...વિ...ધ વા...ન...ગી
( ચર્ચા અને પ્રવચનો ઉપરથી )

****

### * સાચી ઉદાસીનતા ક્યારે ?

જગતથી ઉદાસીનતા સાચી ત્યારે થાય કે જ્યારે આત્મસ્વભાવની પરમપ્રીતિ જાગે; જેને આત્મસ્વભાવની પરમપ્રીતિ જાગી નથી તેને બીજે ક્યાંય પરમાં જરૂર પ્રીતિ છે, એટલે તેને જગતથી સાચી ઉદાસીનતા હોતી નથી. આ રીતે સમ્યગ્જ્ઞાન વગર સાચો વૈરાગ્ય હોતો નથી.

### * કાં આત્મા...ને કાં સંસાર

જીવ જે કાંઈ પરિણામ કરે તે કાં તો આત્મા ખાતર હોય, ને કાં તો સંસાર ખાતર હોય; આત્માનું જેને લક્ષ છે, આત્માને સાધવાનો જેનો ઉદ્યમ છે તે તો પોતાના પરિણામને આત્મામાં જોડે છે; અને જેને આત્માનું લક્ષ નથી, આત્માને સાધવાનો ઉદ્યમ નથી, અજ્ઞાનના જ સેવનમાં વર્તી રહ્યો છે તેના તો બધાય પરિણામ સંસાર ખાતે જ છે–પછી તે અશુભ હો કે શુભ. અશુભ ને શુભ એ બંનેથી પાર ત્રીજા પરિણામ–કે જે આત્મસ્વરૂપને સાધનારા છે–તેની તો અજ્ઞાનીને ખબર નથી; એટલે તે તો રાગને જ સેવી રહ્યો છે, ને રાગનું સેવન તે તો સંસારનું કારણ છે. રાગથી પાર આત્મસ્વરૂપ શું ચીજ છે–તેને લક્ષગત કરીને તેનું સેવન કરતાં આત્મસ્વરૂપ સધાય છે.

### * સમ્યગ્દર્શનને સાથીદાર બનાવો

મિથ્યાત્વરૂપ જે મહાન દુઃખ તેનાથી છૂટવા હે જીવ ! તું શુદ્ધ સમ્યક્ત્વનું નિરંતર સેવન કર. સમ્યક્ત્વ વગર ગમે તેટલું પઢેલખે તો પણ મોક્ષસાધન થાય નહિ. સમ્યગ્દર્શન જેનું શુદ્ધ છે તે જ્ઞાન–ચારિત્રની પણ ઉગ્ર આરાધના કરીને અલ્પકાળે મોક્ષ પામશે. સમ્યગ્દર્શન વગર ગમે તેટલું જાણપણું કે ગમે તેટલા ક્રિયાકાંડ હોય તો પણ તેને જ્ઞાનની કે ચારિત્રની આરાધના હોતી નથી. આ રીતે સમ્યક્ત્વ સમાન પરમ સુખનું કારણ જગતમાં બીજું નથી. માટે તે સમ્યગ્દર્શનને સાથીદાર બનાવો....તે મોક્ષનું સાચું સાથીદાર છે. ભક્તિથી તેની આરાધના કરો. મિથ્યાત્વનો અને મિથ્યાત્વપોષક જીવોનો સંગ છોડો.

## * દુનિયાને છોડીને...

દુનિયાને સાથે રાખીને મોક્ષમાં નથી જવું, પરંતુ દુનિયાને છોડીને મોક્ષમાં જવું છે; માટે હે મોક્ષાર્થી! દુનિયાની સ્પૃહા છોડીને આત્મલક્ષે તું મોક્ષસાધન કરજે. જો દુનિયાની સ્પૃહામાં રોકાઈશ તો આત્મલક્ષ ચુકાઈ જશે...

## * સમ્યગ્દૃષ્ટિનો યોગ

સમ્યગ્દૃષ્ટિનો યોગ એ છે કે તેણે પોતાના ઉપયોગને અંતરમાં વાળીને નિજસ્વરૂપમાં જોડયો છે. ઉપયોગનું નિજસ્વરૂપમાં જોડાણ–તે જ સાચો યોગ છે. ઉપયોગને જે પરમાં જોડે, કે રાગમાં જોડે તેને શુદ્ધ યોગ હોતો નથી. આ રીતે સમ્યગ્દૃષ્ટિને જ સમ્યક્યોગ ( ઉપયોગનું સાચું જોડાણ ) હોય છે.

## * તીવ્ર જિજ્ઞાસા

આત્માની એવી તીવ્ર જિજ્ઞાસા જાગવી જોઈએ કે, તીવ્ર તૃષાતૂર જેમ ઠંડું ને મીઠું પાણી મળતાં પ્રેમથી પીને તૃપ્ત થાય તેમ, ચૈતન્યસ્વરૂપના અમૃતની પ્રાપ્તિનો ઉપાય સાંભળતાં જ પ્રેમથી–ઉલ્લાસથી ગ્રહણ કરીને અંતરમાં ડુબકી મારીને સ્વાનુભવજળના અમૃતપાન કરીને તૃપ્ત થાય.

## * સ્વાનુભવનો સ્વાદ લેવાની વિધિ

જ્ઞાનદૃષ્ટિથી, એટલે રાગથી ભિન્ન દૃષ્ટિથી, અંતરમાં જોતાં રાગવગરના શુદ્ધ ચૈતન્યસ્વાદપણે આત્મા અનુભવાય છે. શુદ્ધ જ્ઞાનવડે આવી સ્વાનુભૂતિ થાય છે. જ્ઞાનનો સ્વાદ ને રાગનો સ્વાદ અત્યંત ભિન્ન છે. જ્ઞાનવડે એ સ્વાદનો ભેદ જાણીને, જ્ઞાન પોતે પોતાના સ્વાદને વેદે–એ જ સ્વાનુભવનો સ્વાદ લેવાની વિધિ છે. સ્વાનુભવનો એ સ્વાદ પરમ આનંદથી ભરેલો, શાંત આકુળતા વગરનો છે. એ સ્વાદ જેણે ચાખ્યો તે સિદ્ધપદનો સાધક થયો, ને તેણે જ સિદ્ધપ્રભુને સાચી રીતે ઓળખીને પોતાના અંતરમાં સ્થાપ્યા.

## * ધર્મ અને અધર્મ

બંધભાવ કહો કે અધર્મ કહો; ને મોક્ષભાવ કહો કે ધર્મ કહો. શુભ કે અશુભ–જે કોઈ સરાગપરિણામ છે તે ભાવબંધ છે, એટલે તે ધર્મ નથી, તે મોક્ષનું સાધન નથી. બંધભાવો મોક્ષનું સાધન કેમ થાય ? મોક્ષનું કારણ તો મોહ–રાગદ્વેષ વગરના નિર્મળ

પરિણામ છે, ને તે જ ધર્મ છે, ભાઈ, તારા આત્મપરિણામમાં કયા પરિણામ તે ધર્મ છે ને કયા પરિણામ અધર્મ છે, તેને બરાબર ઓળખ્યા વિના તું ધર્મ કેવી રીતે કરીશ ?

### * નિમિત્તમાં મુખ્યને અંતરંગ કહ્યું, ગૌણને બહિરંગ

જીવના યોગનું કંપન અને મોહાદિરૂપ ચીકણો ભાવ–તે કર્મબંધનનાં નિમિત્ત કારણો છે; પણ તેમાં મોહભાવ તે બંધનું મુખ્ય કારણ છે તેથી તેને અંતરંગનિમિત્ત કહ્યું, અને યોગનું કંપન તે ગૌણ હોવાથી તેને બહિરંગ નિમિત્ત કહ્યું. આમ નિમિત્તમાં અંતરંગ અને બહિરંગ એવા પ્રકાર કહ્યા. જેમ નિયમસારની પ૩ મી ગાથામાં સમ્યક્ત્વના નિમિત્તનું કથન કરતાં કહ્યું છે કે જ્ઞાનીનો આત્મા તે સમ્યક્ત્વનું અંતરંગ નિમિત્ત છે અને તેમની વાણી તે બહિરંગ નિમિત્ત છે. જ્ઞાનીના અંતરંગ ભાવની મુખ્યતા બતાવવા તેને અંતરંગહેતુ કહ્યા છે. ત્યાં સમ્યક્ત્વના એટલે કે છૂટકારાના નિમિત્તની વાત છે અને અહીં (પંચાસ્તિકાય ગા. ૧૪૮માં) કર્મબંધના નિમિત્તોની વાત છે, તેમાં પણ નિયમસાર જેવી શૈલીથી મોહભાવને મુખ્ય બતાવવા તેને કર્મબંધનું અંતરંગ નિમિત્ત કહ્યું છે ને યોગના કંપનને મુખ્ય ન બતાવતા તેને બહિરંગનિમિત્ત કારણ કહ્યું. યોગ તો માત્ર કર્મના પ્રદેશ–પ્રકૃતિનું જ નિમિત્ત છે, એટલે તે ગૌણ છે, ને કર્મની સ્થિતિ તથા અનુભાગનું નિમિત્ત મોહાદિભાવ છે તેથી તે મુખ્યનિમિત્ત છે.

## બે વાત

*** સુખી કોણ**

વૈરાગી સર્વત્ર સુખી.
વૈરાગીને ક્યાંય દુઃખ નથી.
પરંતુ સમ્યગ્જ્ઞાન વગર સાચો વૈરાગ્ય હોતો નથી.
એટલે સમ્યગ્જ્ઞાન તે સુખનું મૂળ છે.

*** ત્રિપુટી શોભે છે**

જ્ઞાની અવશ્ય વૈરાગ્યવંત હોય છે.
વૈરાગ્યવંતને ક્યાંય દુઃખ નથી.
માટે જ્ઞાની સર્વત્ર સુખી છે. આ રીતે જ્ઞાન
વૈરાગ્ય ને સુખની ત્રિપુટી સર્વત્ર શોભે છે.

# ભેદજ્ઞાન વડે ઉપશમની પ્રાપ્તિ

મોહવશ ઉપયોગને પરદ્રવ્યમાં જ ભમાવી ભમાવીને રાગ–દ્વેષથી સદાય વ્યાકુળ વર્તતો જીવ સંસારમાં એક ક્ષણ પણ શાંતભાવને આસ્વાદતો નથી. જો ભેદજ્ઞાન કરીને પરથી ભિન્ન સ્વદ્રવ્યને દેખે તો રાગ–દ્વેષથી છૂટીને તેનું જ્ઞાન પરમ ઉપશમને પામે, ને ચૈતન્યના કોઈ અચિંત્ય શાંતભાવનું વેદન થાય. આવા ઉપશમની પ્રાપ્તિનો ઉપાય બતાવતાં ભગવંત આચાર્યો કહે છે કે ભાઈ, તું તો જ્ઞાન છો...તારા જ્ઞાનસૂર્યમાંથી તો જાણવાના કિરણો છૂટે છે, જ્ઞાનસૂર્યમાંથી કાંઈ રાગ–દ્વેષના કિરણો નથી ફૂટતા. અને પરદ્રવ્ય પણ કાંઈ તારા જ્ઞાનમાં રાગદ્વેષ કરાવતું નથી. તું તારા જ્ઞાનને જ્ઞાનપણે જ રાખ ને રાગ–દ્વેષ ન થવા દે, તો જગતમાં કોઈની તાકાત નથી કે તને રાગ–દ્વેષ કરાવે. સ્વાધીન જ્ઞાનને જગતની કોઈ વસ્તુ લલચાવી શકે નહિ કે ડગાવી શકે નહિ. રાગદ્વેષ કરવા તે જ્ઞાનનું કાર્ય નથી, જ્ઞાનનું કાર્ય તો ઉપશાંત ભાવરૂપ રહેવાનું છે. આમ ભિન્ન જ્ઞાનના અનુભવથી જ્ઞાનીને વીતરાગભાવરૂપ ઉપશમની પ્રાપ્તિ થાય છે. વાહ! જુઓ...આ પોન્નૂરહીલ ઉપરથી કુંદકુંદાચાર્યદેવે આપેલો વીતરાગ સન્દેશ!

(આસો વદ ચોથ 卐 સમયસારઃ સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકાર પરના પ્રવચનોમાંથી)

* * *

આ જગતમાં એવી વસ્તુસ્થિતિ પ્રસિદ્ધ છે કે જીવના ગુણ–પર્યાયો જીવમાં, ને અજીવના ગુણ–પર્યાયો અજીવમાં; કોઈ દ્રવ્યના ગુણ–પર્યાયને અન્યદ્રવ્ય જરા પણ ઉપજાવી શકતું નથી. આ રીતે કોઈ દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે જરા પણ સંબંધ નથી.

હવે, આ જ્ઞાનસ્વરૂપ આત્મા છે, તે જ્ઞાનપર્યાય વડે પરનો પણ જાણનાર છે; પણ તેથી કાંઈ પર દ્રવ્ય તેને રાગ કે દ્વેષ ઉપજાવતું નથી. જગતમાં અચેતન પુદ્‌ગલો વિવિધ વચનો રૂપે પરિણમે ત્યાં તે વચનો કાંઈ જીવના ઉપયોગને પરાણે પોતાના તરફ ખેંચતા નથી; જીવ જ સ્વરૂપમાંથી ડગીને જ્ઞાનની સાથે રાગદ્વેષ કરે છે, અને આ જીવે આવા વચનોથી મારી નિંદા કરી અગર આ જીવે આવા વચનોથી મારી સ્તુતિ કરી–એવી મિથ્યાબુદ્ધિ વડે અજ્ઞાની રાગ–દ્વેષરૂપ પરિણમે છે. અરે ભાઈ, તારા ઉપયોગને તું ઉપશમભાવમાં રાખ,

ને રાગ–દ્વેષમાં ન જોડ, તો કાંઈ તે શબ્દો તને નથી કહેતા કે તું અમારી સામે જો....ને તું અમારા ઉપર રાગદ્વેષ કર.

વળી, તું બીજા સામે રાગ–દ્વેષ કરે છે કે આણે મારી સ્તુતિ કે નિંદા કરી. પરંતુ સામો જીવ કાંઈ તે સ્તુતિ કે નિંદાના શબ્દોનો કર્તા નથી. સામા જીવે તો પોતામાં જ રાગ–દ્વેષ કર્યા પણ શબ્દોમાં કે તારામાં તેણે કાંઈ કર્યું નથી. નિંદા–પ્રશંસાના ભાવ કરનારો સામો જીવ કાંઈ તારા આત્મામાં પ્રવેશી નથી ગયો, કે તને તે રાગદ્વેષ કરાવે.

જગતમાં જે પુદ્ગલો નિંદાના કે સ્તુતિના શબ્દો રૂપે પરિણમ્યા તેને તો કાંઈ ખબર પણ નથી કે અમે આ જીવની સ્તુતિ કે નિંદા કરીએ. એ તો બિચારા સ્વંય જડ ભાવે પોતાની પર્યાયમાં પરિણમી રહ્યા છે; તે શબ્દો કાંઈ તારા આત્મામાં પ્રવેશતા નથી તો તેણે તારામાં શું કર્યું? શા માટે તું કોઈ ઉપર રાગ–દ્વેષ કરે છે? ભાઈ, તું તો જ્ઞાતા છો....પરદ્રવ્યને જાણવાનો તારો સ્વભાવ છે, પણ તેમાં રાગ–દ્વેષ કરીને રોકાવાનો તારો સ્વભાવ નથી.

તું ચૈતન્યસૂર્ય છો, તારા ચૈતન્યસૂર્યમાંથી જાણવાના કિરણો છૂટે છે, પણ ચૈતન્યસૂર્યમાંથી કાંઈ રાગદ્વેષના કિરણો નથી ફૂટતા.

અરે જીવ! જગતમાં એક્કેય પદાર્થ એવો નથી કે જે તને રાગદ્વેષ કરાવે. કડવા ઝેર જેવા શબ્દો આવે કે ઘોર નિંદાના શબ્દો આવે, પણ તે તો અચેતન પુદ્ગલનું પરિણમન છે; તે તારી પાસે તો જ્ઞેયપણે જ આવ્યા છે ને તે પણ કાંઈ પરાણે તારા ઉપયોગને પોતા તરફ ખેંચતા નથી. એ જ રીતે પ્રશંસાના કે અભિનંદનના શબ્દો આવે તો તે પણ અચેતન પરમાણુનું પરિણમન છે, તે શબ્દો કાંઈ તને રાગ કરવાનું કહેતા નથી. તારા અસ્તિત્વમાં શબ્દોનો પ્રવેશ જ નથી; પછી તે તને શું કરે?

અહા, જગતથી ભિન્ન જ્ઞાનતત્ત્વ, એને જગતનો કોઈ પદાર્થ રાગદ્વેષ ન કરાવે અને જીવનું જ્ઞાન પણ કાંઈ પર દ્રવ્યમાં જતું નથી. આવી ભિન્નતા જાણે ત્યાં ઉપશમભાવ થયા વિના રહે નહિ. હું મારા જ્ઞાનને જ્ઞાનપણે જ રાખું ને રાગદ્વેષરૂપ ન થવા દઉં તો જગતમાં કોઈની તાકાત નથી કે જ્ઞાનને રાગદ્વેષ કરાવે. જગતનો કોઈ અનુકૂળ વિષય જ્ઞાનને લલચાવી ન શકે, કે જગતનો કોઈ પ્રતિકૂળ વિષય જ્ઞાનને ડગાવી ન શકે. સ્વાધીન જ્ઞાન વીતરાગી ઉપશમરૂપ રહેનારૂં છે, રાગદ્વેષ કરનારૂં નથી.

લોકો શબ્દને ‘બાણ’ કહે છે, શબ્દબાણથી હૃદય વીંધાઈ જાય એમ કહે છે; પણ

ભાઈ, તારું જ્ઞાન એવું અભેદ છે કે જડ શબ્દબાણ એમાં પ્રવેશી જ ન શકે. શું જડ શબ્દો આત્મામાં આવે છે? શું આત્માનું જ્ઞાન જડ શબ્દોમાં જાય છે? નહિ. બંનેની અત્યંત ભિન્નતા જ છે. તો પછી જ્ઞાનસૂર્યના કિરણોમાં શબ્દો જણાય તેથી કરીને જ્ઞાનને શું મલિનતા આવી ગઈ? જ્ઞાની તો જાણે છે કે પરજ્ઞેયોથી મારું જ્ઞાન જુદું જ પરિણમે છે; પરજ્ઞેયો મારા જ્ઞાનમાં રાગદ્વેષ ઉપજાવતા નથી, કે મારું જ્ઞાન જ્ઞાનપણાને છોડીને પરમાં રાગદ્વેષ કરતું નથી. આવા જ્ઞાનમાં રાગદ્વેષનો અભાવ છે. આ રીતે ભેદજ્ઞાનની ભાવના વડે જ્ઞાનીને ઉપશાંતભાવ થાય છે.

જ્ઞાનનું કાર્ય તો જ્ઞાતા રહીને ઉપશમભાવરૂપ એટલે કે વીતરાગભાવરૂપ રહેવાનું છે, રાગ–દ્વેષ કરવા તે કાંઈ જ્ઞાનનું કાર્ય નથી. અરે, તું તારા જ્ઞાનને ન ઓળખ ને પરદ્રવ્યને ઇષ્ટ–અનિષ્ટ કલ્પીને તે તરફ ઉપયોગને ભમાવતો થકો રાગદ્વેષ કર–એ તો તારી મૂઢતા છે. આચાર્યદેવ કરુણાથી કહે છે કે અરે, વસ્તુસ્વરૂપની આવી ભિન્નતા છતાં પણ મૂઢબુદ્ધિજીવો ઉપશમભાવને કેમ પામતા નથી? ને પરદ્રવ્યને ઇષ્ટ–અનિષ્ટ માનીને રાગદ્વેષ કેમ કરે છે? ભાઈ, પર પદાર્થો સમીપ હો કે દૂર હો, તારા જ્ઞાનને તે કાંઈ કરતા નથી; પછી તને આ શું થયું?–ભિન્નતાને ક્યાં ભૂલી ગયો? ભિન્નતાને ભૂલીને તું રાગ–દ્વેષ કાં કર? જ્ઞાનને જુદું ને જુદું રાખીને, જ્ઞાતાપણે જ રહે. તેમાં જ તને ઉપશાંતભાવનું આસ્વાદન થશે.

નિંદા–પ્રશંસાના શબ્દોની જેમ સુંદર રૂપ કે કદરૂપ તે કાંઈ જીવના જ્ઞાનને પોતાના તરફ ખેંચતું નથી કે તું મારા તરફ જો...અને તે કાંઈ જીવને રાગ–દ્વેષ નથી કરાવતું. સુંદર અપ્સરા જેવું કે દેવ જેવું રૂપ તે કાંઈ જીવને કહેતું નથી કે તું મારા તરફ જોઈને રાગ કર. એ રૂપ તો અચેતનનું પરિણમન છે, તેમાં કાંઈ આ સારું ને આ ખરાબ એવા બે ભેદ નથી, એ તો જ્ઞાનના જ્ઞેય જ છે. તે જ રીતે દૂર્ગંધથી ભરેલું અત્યંત કદરૂપ શરીર હોય તે કાંઈ જીવને દ્વેષ કરવાનું કહેતું નથી. અરે, એનાથી તારી અત્યંત ભિન્નતા છે. આવી ભિન્નતા જાણે તો એકત્વબુદ્ધિના રાગદ્વેષનો તો અભાવ જ થઈ જાય. જ્ઞાન પરમાં ન જાય ને પરચીજ જ્ઞાનમાં ન આવે–પછી પર ચીજ દૂર હો કે નજીક તેથી શું? એ ક્યાં રાગદ્વેષ કરાવે છે? ને જ્ઞાનનોય સ્વભાવ ક્યાં રાગદ્વેષ કરવાનો છે? એટલે ભેદજ્ઞાનના બળે વીતરાગતા જ થવાનું રહ્યું.

શબ્દ અને રૂપની જેમ ગંધ–રસ–સ્પર્શ વગેરેમાં પણ સમજી લેવું. એ કોઈ પદાર્થો તારા ઉપયોગને પોતાના તરફ ખેંચતા નથી, તે કાંઈ કર્તા થઈને તને રાગદ્વેષ કરાવતા

નથી. તારા જ્ઞાનમાં પણ તેને સારૂં–ખરાબ માનીને રાગદ્વેષ કરવાનો સ્વભાવ નથી. આવા સ્વભાવમાં (જ્ઞાનના સ્વભાવમાં કે જ્ઞેયના સ્વભાવમાં) ક્યાંય રાગદ્વેષ નથી; છતાં અજ્ઞાનીને જે રાગદ્વેષ થાય તે તેના અજ્ઞાનથી જ થાય છે. અહીં મિથ્યાત્વ સહિતના રાગદ્વેષની જ ગણત્રી છે. મિથ્યાત્વ ટળ્યા પછી જે અલ્પ રાગદ્વેષ છે તે તો જ્ઞાનથી જુદાપણે જ છે, જ્ઞાની તેને જ્ઞાન સાથે એકમેક જાણતા નથી, જ્ઞાનથી જુદા જ જાણે છે; એટલે તેનું જ્ઞાન દોષિત નથી, તેનું જ્ઞાન તો શુદ્ધ જ્ઞાનપણે જ વર્તે છે. આ રીતે ભેદજ્ઞાન વડે તેને વીતરાગભાવરૂપ ઉપશમની પ્રાપ્તિ થાય છે.

વાહ! જુઓ, આ પોન્નૂરતીર્થ ઉપરથી કુંદકુંદાચાર્યદેવે આપેલો વીતરાગીસન્દેશ! વીતરાગતામાં ઝૂલતા ઝૂલતા સન્તોએ અલૌકિક કામ કર્યા છે! અને એ સન્તોની વીતરાગી વાણી આત્મામાં ઝીલીને જ્ઞાનીઓએ ઉપશમરસનું પાન કર્યું છે.

(આ લેખનો બાકીનો ભાગ આવતા અંકમાં)

## ઉપશમ રસનો સ્વાદ લેનારા......

ઉપશમરસનો સ્વાદ લેનારા જ્ઞાનીજનને વંદન...
સમકિત પામી સ્વરૂપ સાધ્યું હો એને અભિનંદન...
અંતર્મુખી જીવન એનું ઝરણાં વહે આનંદનાં,
વૈરાગ્યરસની ધારા ઉલ્લસી દેખી પદ ચેતનનાં.
નિધાન દેખ્યા નિજઆતમનાં, સિદ્ધસ્વરૂપને ધ્યાવી,
સતત ધૂનથી ધ્યેય જ સાધ્યું લગની આત્મ લગાવી..
ઉદયભાવથી અળગા થઈને વળગ્યા જ્ઞાનને ધ્યેયે,
શાંત શાંત પરિણામ પ્રવાહે પહોંચ્યા સુખના દરિયે.
જગતના રસથી સ્વાદ જ જુદો આનંદરસ આસ્વાદે,
દર્શન એનાં મંગલકારી મંગલ ભાવ જગાડે.
ઉપશમરસનો સ્વાદ લેનારા એ જ્ઞાનીને વંદન.
ઉપશમરસનો સ્વાદ ચખાડે એને હો અભિનંદન!

(સોનગઢઃ આસો...)

# પરમાત્મ પ્રકાશ

આ 'પરમાત્મપ્રકાશ' જૈનસમાજમાં સર્વપ્રિય સુગમ અધ્યાત્મગ્રંથ છે. શ્રી યોગીન્દુદેવે લગભગ વિક્રમ સંવત્ ૭૦૦માં તેની રચના કરી છે. કુંદકુંદસ્વામીના મોક્ષપ્રાભૃતનો અને પૂજ્યપાદ સ્વામીના સમાધિશતકનો આ ગ્રંથકાર ઉપર પ્રભાવ છે. શ્રી બ્રહ્મદેવજીએ લગભગ ૧૩મા સૈકામાં તેની ટીકા રચી છે. આ ઉપરાંત દ્રવ્યસંગ્રહની ટીકા પણ તેમણે રચેલી છે. હિંદી ભાષાંતર લગભગ ૨૦૦ વર્ષ પહેલાં પં. દૌલતરામજીએ કર્યું છે. આ પરમાત્મપ્રકાશમાં ત્રણ અધિકાર છેઃ પ્રથમ અધિકારમાં ૧૨૩ દોહા દ્વારા વિવિધ પ્રકારે પરમાત્મા–અંતરાત્મા ને બહિરાત્માનું સ્વરૂપ બતાવ્યું છે; બીજા અધિકારમાં (૧૧૪ દોહા દ્વારા) મોક્ષનું અને મોક્ષમાર્ગનું સ્વરૂપ બતાવ્યું છે. ત્યાર પછી ૧૦૭ દોહાની ચૂલિકા દ્વારા પરમ સમાધિનું અથવા અભેદરત્નત્રયનું કથન છે. આ શાસ્ત્ર ઉપર પૂ. કાનજીસ્વામીએ આજથી ૧૭ વર્ષ પહેલાં પ્રવચનો કર્યા હતા, જેમાંથી કેટલોક ભાગ તે વખતે 'આત્મધર્મ' માં પ્રસિદ્ધ થયેલ છે. આ આસો વદ ૯ થી ફરીને પરમાત્મપ્રકાશ શરૂ થયેલ છે. તેના પ્રથમ પ્રવચનનો થોડો નમૂનો અહીં આપ્યો છે.

*****

દેહમાં રહેલો આત્મા પોતે પરમાત્મસ્વરૂપ છે; તેનામાં પરમાત્મા થવાની શક્તિ છે. તે પરમાત્મશક્તિનો પ્રકાશ કેમ થાય એટલે કે પરમાત્મપણું કેમ પ્રગટે તે વાત આ શાસ્ત્રમાં બતાવી છે, તેથી તેનું નામ પરમાત્મપ્રકાશ છે. કેવળજ્ઞાન–કેવળદર્શન–અનંતસુખ ને અનંતવીર્ય–એવા સ્વભાવચતુષ્ટય પ્રગટે તે પરમાત્મદશા છે ને અંતરાત્મપણું તેનો ઉપાય છે. અંતરાત્મા થઈને પરમાત્મસ્વરૂપને ધ્યાવતાં આત્મા પોતે પરમાત્મા થાય છે. આત્મામાં શક્તિરૂપ અનંત ચતુષ્ટય સદાય વિદ્યમાન છે, પ્રતીતમાં લઈને સ્વાનુભવથી તેનું વારંવાર ઘોલન કરતાં આત્મા પોતે જ પરમાત્મ સ્વરૂપે પ્રકાશીત થઈને કેવળજ્ઞાનથી ઝળકી ઊઠે છે.

મંગલાચરણમાં ટીકાકાર કહે છે કે–

चिदानंदैकरुपाय जिनाय परमात्मने।

परमात्म प्रकाशाय नित्यं सिद्धात्मने नमः।।

જેઓ માત્ર જ્ઞાન–આનંદ સ્વરૂપ છે, જિન છે, પરમાત્મા છે એવા શ્રી સિદ્ધ ભગવાનને પરમાત્મ–પ્રકાશની પ્રાપ્તિ અર્થે નમસ્કાર હો. સિદ્ધ ભગવંતો પરમઆત્મસ્વરૂપના પ્રકાશક છે, અર્થાત્ આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવું છે તે તેઓ પ્રસિદ્ધ કરે છે, સિદ્ધ ભગવંતોને ઓળખતાં આત્માનું શુદ્ધ સ્વરૂપ લક્ષમાં આવે છે.

સિદ્ધ ભગવંતો કઈ રીતે સિદ્ધ થયા ?–કે પરમાત્મસ્વરૂપનું ધ્યાન કરીને; એવા સિદ્ધ ભગવંતોને મંગલાચરણમાં નમસ્કાર કરે છે–

जे जाया झाणग्गियए कम्मकलंक डहेवि।

णिच्चणिरंजण णाणमय ते परमप्प णवेवि।।१।।

ધ્યાનરૂપી અગ્નિવડે કર્મકલંકને દગ્ધ કરીને જેઓ નિત્ય નિરંજન જ્ઞાનમય થયા એવા પરમાત્માને–નમસ્કાર કર્યા છે. આત્મા સદાય પરમાત્મ સ્વભાવથી ભરેલો છે તેનું ધ્યાન તે જ પરમાત્મા થવાનો ઉપાય છે. સમ્યગ્દર્શન પણ એના ધ્યાનથી જ પ્રગટે છે.

અહા, જે પરમાત્મસ્વરૂપની વાત કહેતાં–સાંભળતાં પણ શાંતિ થાય તે સ્વરૂપ પ્રગટે એની તો વાત શી કરવી ? જેનું સ્મરણ પણ આનંદ ઉપજાવે તેના સાક્ષાત્ અનુભવના આનંદનું શું કહેવું ? તે કેમ પ્રગટે ?–કે તેના ધ્યાનથી જ પ્રગટે.

જીવે પરનો જ ખ્યાલ કર્યો છે ને પરની જ સંભાળ કરી છે; પોતાના સ્વરૂપને ખ્યાલમાં લીધું નથી, સ્વરૂપની સંભાળ કરી નથી. અનંતગુણથી ભરેલા નિજસ્વરૂપને સંભાળે તો પરમાત્મદશા પ્રગટી જાય.

આત્મા પરમાત્મસ્વરૂપ છે તેનું પ્રકાશક આ શાસ્ત્ર છે; તે પરમાત્મસ્વરૂપ જેમને પ્રગટયું છે એવા શુદ્ધાત્માને નમસ્કાર કરીને સ્વાનુભૂતિથી આ આત્માનું પરમાત્મસ્વરૂપ કેમ પ્રગટે ? તે બતાવ્યું છે.

શુદ્ધ સ્વરૂપને પામેલા સિદ્ધ ભગવંતોનો આત્મા, આ આત્માનું શુદ્ધ સ્વરૂપ પણ પ્રકાશે છે. આનંદધામ આત્મા છે એમ સિદ્ધ ભગવંતો પ્રસિદ્ધ કરે છે. તેઓ તો શુદ્ધ

પરમાત્મા થયેલા છે ને તેમનું સ્વરૂપ જોનારને પણ તેઓ (અરીસાની માફક) નિજસ્વરૂપ દેખાડે છે કે તારો આત્મા પણ આવો છે.

હું આવા સિદ્ધભગવંતોને નમસ્કાર કરું છું, –એટલે કે મારો નમસ્કાર, મારો વિનય, મારું બહુમાન ને મારી ભાવના એક પરમાત્મસ્વરૂપ પ્રત્યે જ છે, તેના પ્રત્યે જ મારું વલણ છે, એનાથી બાહ્યભાવો પ્રત્યેથી હું પાછો વળું છું ને પરમાત્મસ્વરૂપ પ્રત્યે નમું છું, ઢળું છું, વળું છું –તેમાં અંતર્મુખ થાઉં છું.

સિદ્ધભગવંતો નિજસ્વરૂપને ભાળીને તેના ધ્યાન વડે જ સિદ્ધિ પામ્યા, એટલે પોતાના પરમાત્મસ્વરૂપનું ધ્યાન તે જ સિદ્ધિનો ઉપાય છે –એમ બતાવ્યું. સિદ્ધને જે નમે તે આવો જ સિદ્ધિનો ઉપાય માને, આથી વિરુદ્ધ ઉપાય ન માને. રાગને મોક્ષહેતુ સમજીને તેમાં જે ઉપયોગને જોડે તે સિદ્ધભગવાનને નમ્યો જ નથી, તે તો રાગને જ નમ્યો છે–તેમાં જ ઢળ્યો છે.

જીવને ધ્યાન કરતાં તો આવડે છે–એટલે કે ક્યાંક તો તે પોતાના ઉપયોગને થંભાવીને એકાગ્ર કરે છે. જે જીવ કષાયમાં ઉપયોગને થંભાવે છે તે સંસારમાં રખડે છે; જે જીવ પરમાત્મસ્વરૂપમાં ઉપયોગને જોડે છે તે પરમાત્મા થાય છે.

ભગવાને શું કાર્ય કર્યું ?

પોતાના સ્વરૂપને ધ્યાવી ધ્યાવીને કેવળજ્ઞાનાદિ ચતુષ્ટયરૂપ કાર્ય ભગવાને કર્યું; શુદ્ધ રત્નત્રયરૂપ જે અંતરાત્મદશા તે પરમાત્મદશાના કારણરૂપ 'કારણસમયસાર' છે, અને કેવળજ્ઞાનાદિ પ્રગટયા તે 'કાર્યસમયસાર' છે. શુદ્ધરત્નત્રય એટલે નિશ્ચયરત્નત્રય; તેના વડે કાર્યસમયસારરૂપ પરિણમવાનું કામ ભગવાને કર્યું. આમ પરમાત્મસ્વરૂપને અને તેના ઉપાયને લક્ષમાં લઈને મંગલાચરણ કર્યું છે.

મંગલાચરણ ઘણા ભક્તિભાવથી કર્યું છે; પહેલાં પાંચ દોહા દ્વારા ત્રણ કાળના સિદ્ધભગવંતોને નમસ્કાર કર્યા છે; પછી જિનવર અર્હંતદેવને તેમજ આચાર્ય ઉપાધ્યાય સાધુ એ ત્રણેને નમસ્કાર કર્યા છે. સાત દોહા સુધી પંચ પરમગુરુને ભાવથી ફરીફરી વંદીને, પ્રભાકર ભટ્ટ નામનો શિષ્ય પૂછે છે કે હે સ્વામી! આ સંસારમાં વસતાં મારો અનંતકાળ વીતી ગયો, પણ હું જરાય સુખ ન પામ્યો, ઘણું દુઃખ પામ્યો; હે પ્રભો! પરમાત્મસ્વરૂપને જાણ્યા વગર હું આવા દુઃખો પામ્યો; ચાર ગતિના દુઃખોથી સંતપ્ત એવા મને, પ્રસન્ન થઈને, કૃપા કરીને ચારગતિના દુઃખનો નાશક એવો જે કોઈ પરમાત્મસ્વભાવ, તેનો ઉપદેશ આપો.

જાુઓ, કેટલી સરસ ભૂમિકા બાંધી છે!! ચારે ગતિના દુઃખનો જેને ત્રાસ થયો છે ને તેનાથી છૂટવા માટે જે પરમાત્મસ્વભાવ સમજવા માંગે છે-એવા શિષ્યને માટે આ શાસ્ત્રમાં પરમાત્માના સ્વરૂપનો પ્રકાશ કર્યો છે. આ કાંઈ એકલા પ્રભાકરભટ્ટની વાત નથી-પણ ચાર ગતિના દુઃખોથી જેને છૂટવું હોય એવા દરેક જિજ્ઞાસુ જીવે પોતાને પ્રભાકરભટ્ટ જેવો સમજીને આ શાસ્ત્ર સાંભળવાનું છે.

વળી આમાં એ વાત પણ શિષ્યને ખ્યાલમાં આવી કે પરમાત્મસ્વરૂપ જાણવું તે જ ચારગતિના દુઃખથી છૂટવાનો ઉપાય છે; માટે તે મારે જાણવું જોઈએ, હે સ્વામી! આપ તે પરમાત્મસ્વભાવનો એવો ઉપદેશ સંભળાવો કે આપના પ્રસાદથી હું તે સમજીને ચાર ગતિના દુઃખોથી છૂટું. જાુઓ, આ સમજનારની ધગશ!

આવી ધગશવાળા જિજ્ઞાસુ શિષ્યને પરમાત્મસ્વરૂપ પ્રગટવાનો ઉપાય આ પરમાત્મપ્રકાશમાં બતાવીને સંતોએ ઉપકાર કર્યો છે.

પાટનગરમાં પ્રભુ પધાર્યાઃ અમદાવાદના હોનહાર જિનમંદિરમાં બિરાજમાન થનારા જિનબિંબો-જેની પ્રતિષ્ઠા જામનગરમાં પંચકલ્યાણક મહોત્સવ પ્રસંગે થઈ હતી તે ભગવંતોની પધરામણી આસો વદ પાંચમના રોજ અમદાવાદ શહેરમાં થતાં હજાર જેટલા ભક્તજનોએ ઉમંગભર્યું ભવ્ય સ્વાગત કર્યું હતું. જિનમંદિર માટે ખૂબ જ આતુરતાથી રાહ જોઈ રહેલ અમદાવાદના મુમુક્ષુમંડળને પોતાના આંગણે પ્રભુજી પધારતાં ઘણો હર્ષોલ્લાસ હતો. સીમંધર ભગવાન, આદિનાથ ભગવાન અને મહાવીર ભગવાનના ભવ્ય સ્વાગતમાં ગુજરાતના અનેક ભાઈઓએ પણ ભક્તિપૂર્વક સાથ પૂરાવ્યો હતો, ને આખો દિવસ આનંદપૂર્વક ભક્તિ-પૂજન-અભિષેક વગેરે કાર્યક્રમ રહ્યો હતો. પાટનગરને યોગ્ય ભવ્ય જિનમંદિર માટેની અમદાવાદ મુમુક્ષુમંડળની ભાવના શીઘ્ર પૂરી થાઓ...એવી સદ્‌ભાવનાપૂર્વક મંગલ વધાઈ!

જિનમંદિરશિલાન્યાસઃ જસદણ (સૌરાષ્ટ્ર) માં આસો સુદ દસમના રોજ દિ. જિનમંદિરનું શિલાન્યાસ રાજકોટના શેઠશ્રી મોહનલાલ કાળીદાસ જસાણીના સુપુત્ર શ્રી કાન્તિભાઈના સુહસ્તે થયું. સ્વ. મોહનલાલભાઈને આ જિનમંદિરને માટે ખાસ લાગણી હતી. આ મંગલ કાર્ય માટે જસદણના મુમુક્ષુઓને મંગલ વધાઈ!

# બંધ અને મોક્ષ

મોહ–રાગ–દ્વેષ તે બંધનું કારણ છે; મોહાદિ વગરની શુદ્ધજ્ઞપ્તિક્રિયા તે મોક્ષનું કારણ છે. બંધનું અને બંધનાં કારણોનું, મોક્ષનું અને મોક્ષના કારણોનું યથાર્થ જ્ઞાન થતાં સમ્યગ્જ્ઞાનના માર્ગની પ્રસિદ્ધિ થાય છે...તે આત્મા મોક્ષ તરફ જાય છે ને બંધનથી પાછો વળે છે.

આ જ્ઞાનસ્વરૂપ આત્મા અનાદિથી સંસારમાં રખડે છે, સંસારમાં રખડે છે એટલે કે મોહાદિ દુઃખરૂપ પરભાવમાં પરિણમે છે, તે પરભાવથી તેના જ્ઞાન–સુખ વગેરે ઢંકાઈ ગયા છે–બંધાઈ ગયા છે તે જ બંધન છે; તે બંધનભાવથી છૂટકારો કેમ થાય ને આત્મા પોતાના સ્વાભાવિક જ્ઞાન ને સુખરૂપ કેમ પરિણમે–તે વાત આચાર્યદેવ બતાવે છે.

મોહ અને રાગદ્વેષ પરિણામ તે ભાવબંધ છે. અને મોહ–રાગદ્વેષના અભાવરૂપ જે અત્યંત નિર્મળભાવ તે પરમ સંવર છે, અને તે જ ભાવમોક્ષ છે. ભાવમાં જે મોહાદિનું બંધન હતું તે છૂટી ગયું એટલે ભાવમોક્ષ થયો; ને આવો ભાવમોક્ષ થતાં દ્રવ્યકર્મો પણ છૂટી જાય છે, તેનું નામ દ્રવ્યમોક્ષ છે.

તને બંધન શેનું ? કે મોહ સાથે મળેલા તારા ભાવનું; કોઈ બીજાએ તને બાંધ્યો નથી. તારી ક્રિયાથી જ તું બંધાણો છો ને તારી ક્રિયાથી જ તું છૂટી શકે છે. કઈ ક્રિયા ? જીવ જ્ઞાનસ્વરૂપ છે, એટલે જ્ઞપ્તિ જ તેની ક્રિયા છે. તે જ્ઞપ્તિક્રિયા જ્યારે મોહ અને રાગદ્વેષ સાથે મળીને અશુદ્ધભાવપણે પરિણમે છે ત્યારે તે અશુદ્ધભાવરૂપ ભાવબંધ વડે જીવ બંધાય છે. પણ જ્ઞાનીને ભેદજ્ઞાનના બળે જ્ઞપ્તિક્રિયામાંથી મોહ–રાગદ્વેષની હાનિ થાય છે, એટલે જ્ઞપ્તિક્રિયા શુદ્ધભાવપણે વર્તે છે; તે શુદ્ધજ્ઞપ્તિક્રિયાના બળે મોહને ક્ષીણ કરી, અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટ કરે છે. આવા કેવળજ્ઞાનમાં ભાવકર્મનો અભાવ છે, એટલે તે ભાવમોક્ષસ્વરૂપ છે. જ્યાં મોહનો નાશ થયો ને જ્ઞપ્તિક્રિયા પરિપૂર્ણ અક્રમપણે ખીલી ઊઠી ત્યાં સર્વ કર્મનો અત્યંત સંવર થાય છે. આવો સંવર તે મોક્ષનું કારણ છે.

જ્ઞાનસ્વરૂપ આત્માની જ્ઞપ્તિક્રિયા જ્યાં સુધી ક્રમે પ્રવર્તતી હતી ત્યાં સુધી તે બંધાયેલી હતી, અનંત જ્ઞેયોને એક સાથે જાણી શકતી ન હતી પણ ક્રમેક્રમે અમુક જ્ઞેયોને જ અટકી

અટકીને જાણતી હતી. આવી ખંડખંડરૂપ જ્ઞપ્તિક્રિયાને ભાવબંધ કહેલ છે. સ્વાલંબનના બળે મોહનો અભાવ થયા પછી અંતર્મુહૂર્તમાં જ્ઞપ્તિક્રિયા કેવળજ્ઞાનકળાથી પરિપૂર્ણ ખીલી ઊઠે છે, પછી તેને કોઈ પ્રતિબંધ રહેતો નથી, એનું નામ ભાવમોક્ષ છે.

હજી તો રાગક્રિયા ને જ્ઞાનક્રિયા, એ બંનેની ભિન્નતાનું ભાન પણ જેને ન હોય, અરે ! જડની ક્રિયા, ને આત્માની ક્રિયા એ બંનેની ભિન્નતાનું પણ ભાન જેને ન હોય તે તો એકલા બંધભાવમાં જ વર્તતા થકા મોક્ષનું સ્વરૂપ પણ નથી જાણતા, તો પછી મોક્ષનું સાધન તો ક્યાંથી કરે ? અંતર્સ્વભાવને અનુસરીને થતી જે જ્ઞાનની ક્રિયા તે મોક્ષનું સાધન છે. મોક્ષનું સાધન કોઈ રાગની ક્રિયાને કે દેહની ક્રિયાને અવલંબતું નથી. ભાઈ, તારા જ્ઞાન ને આનંદના બિડાયેલા ભાવને કેમ ઉઘાડવો તેની આ વાત છે. તારા સ્વભાવને અનુસરવાથી જ જ્ઞાન–આનંદ ખીલી જશે...આનું નામ ભાવમોક્ષ. બારમા ગુણસ્થાન સુધી જ્ઞાનાદિમાં હજી જેટલો પ્રતિબંધ છે તેટલો ભાવબંધ છે; પણ ત્યાં મોહનો અત્યંત અભાવ હોવાથી શુદ્ધ જ્ઞપ્તિક્રિયા ક્ષણેક્ષણે ખીલી રહી છે ને અંતર્મુહૂર્તમાં તેનું પૂર્ણ સામર્થ્ય ખીલી જતાં તેમાં કોઈ પ્રતિબંધ રહેતો નથી, એનું નામ ભાવમોક્ષ છે. ભાવમોક્ષ થતાં દ્રવ્યકર્મો પણ છૂટી જાય છે, તે દ્રવ્યમોક્ષ છે.

ભાઈ, તારી શુદ્ધ જ્ઞપ્તિક્રિયા જ તારા મોક્ષનો હેતુ છે. મોહ–રાગ–દ્વેષનો અભાવ થઈને કેવળજ્ઞાન થયું ત્યાં ભાવમોક્ષ થયો. એવા કેવળજ્ઞાની ભગવંતો ચિદાનંદના અતીન્દ્રિય સુખના અનુભવથી તૃપ્ત તૃપ્ત વર્તે છે, તેમને કોઈ અતૃપ્તિ નથી, કોઈ ઇચ્છા નથી; આવી ભાવમુક્તિ થઈ હોવા છતાં હજી જે પૂર્વબદ્ધ અઘાતીકર્મો બાકી છે તે પણ શુદ્ધ સ્વરૂપમાં અવિચલિત ચેતનાવૃત્તિને લીધે ક્ષણેક્ષણે અત્યંતપણે નિર્જરી જાય છે. સાધકદશામાં પણ જે શુદ્ધચેતનાવૃત્તિ છે તે નિર્જરાનું કારણ છે. પહેલાં સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદના અંશનું જે વદન થયું તે ઉપરથી અનુમાન થઈ ગયું હતું કે આખો આત્મા આવા પરિપૂર્ણ આનંદથી ભરેલો છે. કેવળી અને સિદ્ધોનો પરિપૂર્ણ આનંદ આવો હોય–તેની પણ ત્યારે ખબર પડી. પછી શુદ્ધ ચેતનાવૃત્તિ વધતાં વધતાં કેવળજ્ઞાન થયું. પછી તે શુદ્ધ ચેતનાવૃત્તિથી જ બાકીનાં કર્મો નિર્જરીને અત્યંત મોક્ષ થાય છે. કેવળીપ્રભુની ચૈતન્યવૃત્તિ શુદ્ધસ્વરૂપમાં જ સ્થિર છે,–તેને કથંચિત્ ધ્યાન પણ કહેવાય છે, ને તે ધ્યાનને નિર્જરાનો હેતુ કહેવામાં આવે છે. મોક્ષનું અને મોક્ષનાં કારણોનું, બંધનું અને બંધનાં કારણોનું યથાર્થ જ્ઞાન થતાં સમ્યગ્જ્ઞાનના માર્ગની પ્રસિદ્ધિ થાય છે; પછી આત્મા મોક્ષનાં કારણોને સેવતો થકો મોક્ષ તરફ જાય છે ને બંધનનાં કારણોને તોડતો બંધનથી પાછો ફરે છે. (પંચાસ્તિકાય–પ્રવચનોમાંથી આસો વદ ૭)

# જ્ઞાન મહિમા

( હે જીવ ! જ્ઞાનમાં ઠર તો જ જ્ઞેયોનો પાર પામીશ )

ઘણાને પ્રશ્ન ઊઠે છે કે : આકાશ અનંત છે તો તે જ્ઞાનમાં કઈ રીતે જણાય ? –કાળ અનાદિઅનંત છે તે જ્ઞાનમાં કઈ રીતે જણાય ? જણાય તો તો તેનો છેડો આવી જાય !

તેનું સમાધાન : પ્રથમ તો આકાશ અને કાળની અનંતતા કરતાંય જ્ઞાનસામર્થ્યની અનંતતા વધારે છે એ વાત લક્ષમાં લેવી જોઈએ.

વળી, કોઈ પણ વસ્તુ જ્ઞાનમાં પ્રમેય થાય તેથી તે મર્યાદિત થઈ જાય એવો કાંઈ નિયમ નથી. જ્ઞેયની અનંતતા જ્ઞાનમાં જણાય તેથી કાંઈ તેની અનંતતા મટીને શાંત બની જતી નથી. અમર્યાદિત વસ્તુ અમર્યાદપણે રહીને પણ જ્ઞાનમાં પૂરી પ્રમેય થાય છે; જ્ઞાનમાં પ્રમેય થવાથી કાંઈ અમર્યાદિત વસ્તુ મર્યાદિત નથી બની જતી; –અમર્યાદિત જ્ઞાનસામર્થ્ય એના કરતાં પણ વધુ છે. એ અમર્યાદ જ્ઞાનસામર્થ્યની દિવ્યતા લક્ષમાં આવે તો જ ( અનંત આકાશ, અનાદિઅનંતકાળ વગેરે ) અમર્યાદિતવસ્તુનું પ્રમેયપણું જ્ઞાનમાં કયા પ્રકારે છે તે ખ્યાલમાં આવે. જ્યાં સુધી જ્ઞાનનો દિવ્ય મહિમા ન ભાસે ત્યાં સુધી એ વાત બેસે નહિ. આકાશની અનંતતા કરતાં જ્ઞાનસામર્થ્યની અનંતતા વિશાળ છે, એ સામર્થ્યનો મહિમા ભાસવો જોઈએ.–સ્વસન્મુખતાથી જ તે ભાસે. એટલે આકાશનું પ્રમેયત્વ નક્કી કરવા પહેલાં તો આત્મા તરફ વળીને તેને પ્રમેય કરવો જોઈએ.

ભાઈ, તને આકાશની અનંતતાનો મહિમા આવે છે, તો તે અનંતતાને અનંતપણે પોતામાં જ્ઞેયપણે સમાવી દેનારા ( જાણી લેનારા ) જ્ઞાનસામર્થ્યની અનંતતાનો મહિમા કેમ નથી આવતો ? જ્ઞાનના દિવ્ય અપાર સામર્થ્યનો તને ખ્યાલ નથી એટલે જાણે જ્ઞાન કરતાં જ્ઞેયો ઘણા મોટા હોય ને જ્ઞાન નાનું હોય એમ તને લાગે છે, એટલે જ્ઞાન કરતાં જ્ઞેયોનો મહિમા તને વધી જાય છે...તેથી તું જ્ઞાનસ્વભાવ તરફ નથી ઢળતો.

જો આકાશ તેના ક્ષેત્રસામર્થ્યથી અનંત છે તો આત્મા પોતાના જ્ઞાનસામર્થ્યથી અમાપ છે. આકાશના અનંતક્ષેત્રના અવિભાગપ્રદેશો કરતાં આત્માના અનંત જ્ઞાનસામર્થ્યના અવિભાગ અંશો અનંતગુણા છે. આકાશક્ષેત્રની અનંતતા કરતાં જ્ઞાનસામર્થ્યની અનંતતા ઘણી મોટી મહિમાવંત છે.

આકાશમાં લંબાવા કરતાં જ્ઞાનમાં ઠર... ( તો જ્ઞેયોનો ય પાર પમાશે. )

( રાત્રિચર્ચા ઉપરથી )

# પરમાત્મ ભાવના

( બે ભાઈ વચ્ચેની વાતચીતઃ અકલંક-નિકલંક નાટકમાંથી )

( એક ભાઈ સ્વાધ્યાય કરી રહ્યા છે ત્યાં બીજો ભાઈ આવીને નમસ્કાર કરે છે; ) નમસ્તે મોટાભાઈ ! આપ શેની સ્વાધ્યાય કરો છો ?

બંધુ ! હું 'પરમાત્મપ્રકાશ' ની સ્વાધ્યાય કરું છું.

વાહ ! પરમાત્માનું સ્વરૂપ સમજવા માટે અને ભેદજ્ઞાનની ભાવના માટે આ બહુ જ સુંદર શાસ્ત્ર છે. ભાઈ, મને પણ એમાંથી કંઈક સંભળાવો.

સાંભળ ! આ શાસ્ત્રમાં છેલ્લે આખા શાસ્ત્રના સારરૂપ આવી ભાવના કરવાનું કહ્યું છે–

''सहज शुद्ध ज्ञानानंदैकस्वभावोऽहं, निर्विकल्पोऽहं, उदासीनोऽहं, निजनिरंजन शुद्धात्मसम्यक्श्रद्धान-ज्ञान-अनुष्ठानरुप निश्चयरत्नत्रयात्मक निर्विकल्पसमाधिसंजात वीतराग-सहजान दरुप सुखानुभूतिमात्रलक्षणेन स्वसंवेदनज्ञानेन स्वसंवेद्यो गम्यः प्राप्यो भरितावस्थोऽहं; रागद्वेषमोहादि....सर्वे विभावपरिणामरहित शून्योऽहं, जगत्त्रये कालत्रयेपि मनोवचनकायैः कृतकारितानुमतेश्च शुद्धनिश्चयनयेन; तथा सर्वेपि जीवाः, इति भावना निरंतर कर्तव्येति''

'હું સહજ શુદ્ધ જ્ઞાનાનંદ એક સ્વભાવ છું, હું નિર્વિકલ્પ છું, હું ઉદાસીન છું; નિજનિરંજન શુદ્ધાત્માના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ નિશ્ચયરત્નત્રયાત્મક એવી જે નિર્વિકલ્પ સમાધિ, તેનાથી ઉત્પન્ન વીતરાગ સહજાનંદરૂપ જે સુખ, તેની અનુભૂતિમાત્ર જેનું લક્ષણ છે એવા સ્વસંવેદનજ્ઞાનથી સ્વસંવેદ્ય-ગમ્ય-પ્રાપ્ય-ભરિતાવસ્થ છું; રાગદ્વેષ-મોહાદિ....સર્વ વિભાવ પરિણામથી રહિત-શૂન્ય છું; ત્રણ લોકમાં તેમજ ત્રણે કાળમાં, મનથી-વચનથી-કાયાથી, કૃત-કારિત-અનુમોદનાથી શુદ્ધનિશ્ચયનયે હું આવો જ છું, તથા સર્વે જીવો પણ એવા જ છે-એમ નિરંતર ભાવના કર્તવ્ય છે.''

નાનાભાઈ : અહો, આવી પરમાત્મભાવનામાં લીન સંતોને કેટલો આનંદ આવતો હશે ?

મોટાભાઈ : અહા, એની શી વાત ! જ્યાં સમ્યગ્દર્શનનો આનંદ પણ સિદ્ધ ભગવાન જેવો અપૂર્વ છે, જેને આત્મા સિવાય બીજા કોઈની ઉપમા લાગુ પડી શકતી નથી, તો મુનિદશાના આનંદની શી વાત ?

ભાઈ ! બલિહારી છે આપણા જૈનધર્મની-કે જેના સેવનથી આવા અપૂર્વ આનંદની પ્રાપ્તિ થાય છે.

બંધુ ! વાતો તો એમ જ છે. ખરેખર જૈનશાસન એક જ આ જગતના જીવોને શરણભૂત છે.

# વિવિધ સમાચાર

* સોનગઢમાં પૂ. ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. પ્રવચનમાં સવારે પંચાસ્તિકાયમાંથી નવતત્ત્વનો અધિકાર વંચાતો હતો તે પૂર્ણ થયેલ છે ને આસો વદ ૯ થી 'પરમાત્મપ્રકાશ' શરૂ થયેલ છે. બપોરે સમયસારમાંથી સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકાર ચાલી રહ્યો છે.


* ગુજરાતી–પ્રકાશનોમાં સમયસારની નવી આવૃત્તિ છાપવાનો પ્રારંભ થયેલ છે. પ્રવચનસાર પણ બંને સંસ્કૃત ટીકા સહિત નવી આવૃત્તિ છપાય છે. કલશટીકા (હિન્દી) છપાઈને બાઈન્ડીંગ ચાલી રહ્યું છે, લગભગ આ માસમાં તૈયાર થઈ જશે. 'આત્મપ્રસિદ્ધિ' હિન્દીમાં છપાઈ ગઈ છે.

* તીર્થક્ષેત્ર કમિટિ : ભારતવર્ષીય દિ. જૈન તિર્થક્ષેત્ર કમિટિ (મુંબઈ) કે જે ભારતના ઘણાખરા દિ. જૈનતીર્થોની વ્યવસ્થા, વહીવટ અને સંરક્ષણ સંભાળે છે, તે તીર્થક્ષેત્ર કમિટિમાં માનનીય ભાઈશ્રી નવનીતલાલ સી. ઝવેરી– (કે જેઓ સોનગઢ જૈન સ્વા. મં. ટ્રસ્ટના પ્રમુખ અને મુંબઈ મુમુક્ષુમંડળના ઉપપ્રમુખ છે) તેમની પસંદગી થઈ છે. તેમના દ્વારા પવિત્ર તીર્થોની વધુ ને વધુ સેવા થાઓ–એમ ઇચ્છીએ.

* સમ્મેદશિખર : પાવનતીર્થ શ્રી સમ્મેદશિખર–જે પારસનાથહીલ તરીકે પ્રસિદ્ધ છે, તે આખો પહાડ આપણે જાત્રા કરીએ છીએ તેવડો જ નથી. પણ તેથી ઘણા મોટા વિસ્તારવાળો છે, ને તેમાં અમુક ભાગમાં ચંદનવૃક્ષો પણ છે. જે સાધક સન્તોની ભૂમિને સુગંધિત બનાવી રહ્યા છે. આપણે જે પચીસ ટૂંકની જાત્રા કરીએ છીએ તે તો આખી પહાડીનો એક ભાગ છે. આ સંબંધમાં શ્રી તીર્થક્ષેત્ર કમિટિના સભ્ય શ્રી રતનચંદ ચુનીલાલ ઝવેરી '**जैन गझट**' માં લખે છે કે 'હમારે બહુતસે દિગંબર ભાઈઓકો જાનકારી નહીં હોગી કિ જિસ ટેકરી (પહાડી) પર જૈનિયોંકી ટોંકે (પૂજ્ય–સ્થાન વગૈરહ) હૈં વહ દૂસરી પહાડિયોંસે પૃથક્ હૈં, સારા પાર્શ્વનાથ પહાડ અનેક પહાડિયોંકી હારમાલા હૈં; દૂસરી પહાડિયોં જો ઈસ પર્વતસે લગી હૂઈ હૈ....જંગલ હૈ....'

સીમંધરપ્રભુની પાંચસો વર્ષ પ્રાચીન મૂર્તિ : મધ્યપ્રાન્તમાં બયાના (ભરતપુર) ગામમાં કુલ ત્રણ મંદિર છે, તેમાંથી બડે મન્દિરની મુખ્ય વેદીમાં મૂલનાયક ચન્દ્રપ્રભુસ્વામી છે અને તેની દક્ષિણવેદીમાં મુખ્યરૂપ શ્રી સીમંધરસ્વામીની મૂર્તિ બિરાજમાન છે. મૂર્તિ લગભગ દોઢ ફૂટ મોટી છે, સફેદ પાષાણની અને મનોજ્ઞ છે. આ મૂર્તિના શિલાલેખમાં પ્રતિષ્ઠા સંવત ૧૫૦૭ લખેલ છે, એટલે આજથી લગભગ પાંચસો વર્ષ પ્રાચીન આ પ્રતિમા છે. આ પ્રતિમાજીનો ફાટો મેળવવા તજવીજ ચાલી રહી છે.

# પ્રભુજી! તારા પગલે પગલે મારે આવવું રે...



* પાવાપુરીની યાત્રા–ભક્તિનું એક દ્રશ્ય *

વીરપ્રભુજી મોક્ષ પધાર્યા ગૌતમ કેવળ જ્ઞાન રે... વીરજીનું શાસન ઝૂલે રે...
દેવદેવેન્દ્ર મહોત્સવ કરે જ્યાં દિન દીવાથી ઉજવાય રે... વીરજીનું શાસન ઝૂલે રે...
શૈલેશીકરણે ચડયા પ્રભુજી અયોગીપદ ધર્યું આજ રે... વીરજીનું શાસન ઝૂલે રે...
સર્વે કર્મનો ક્ષય કરીને સિદ્ધપદ પ્રાપ્ત થાય રે... વીરજીનું શાસન ઝૂલે રે...
પાવાપુરી સિદ્ધક્ષેત્ર પ્રભુજી સમશ્રેણી કહેવાય રે... વીરજીનું શાસન ઝૂલે રે...
નિર્વાણ કલ્યાણક સૂરપતિ ઉજવે સ્વર્ગેથી ઉતરી આજ રે... વીરજીનું શાસન ઝૂલે રે...
અખંડાનંદ સ્વરૂપ પ્રગટાવી પહોંચ્યા શિવપુર ધામ રે... વીરજીનું શાસન ઝૂલે રે...

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટિંગ પ્રેસ, ભાવનગર.